

PRGI No. GUJGUJ/2008/26148

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 247
Dt.: 19-05-2026,
Tuesday
Page : 04
Rs.00.50 paisa

### પુણેની લેબમાં તૈયાર થશે દેશી કૂકિંગ ગેસ

# પેટ્રોલમાં ઈથેનોલની જેમ LPGમાં DME ઉમેરવાની તૈયારીઓ શરૂ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશમાં દરરોજ કરોડો ઘરોમાં રસોઈ બનાવવા માટે LPG સિલિન્ડરનો ઉપયોગ થાય છે. પરંતુ, દેશની જનતા સુધી આ ગેસ સુચારુ રૂપે પહોંચાડવા માટે ભારત મોટાપાયે વિદેશો પર નિર્ભર છે. આ દરમિયાન પુણેની CSIR-નેશનલ કેમિકલ લેબોરેટરીના વૈજ્ઞાનિકો એક એવી સ્વદેશી ટેક્નોલોજી પર કામ કરી રહ્યા છે, જે આગામી સમયમાં એલપીજીનો એક મોટો વિકલ્પ બની શકે છે. આ નવી ટેક્નોલોજીનું નામ છે ડાઈમેથાઈલ ઈથર (DME). આ ટેક્નોલોજીની સૌથી મોટી ખાસિયત એ છે કે તેને ભારતમાં જ ઉપલબ્ધ સંસાધનો જેવા કે કોલસો, બાયોમાસ અને મિથેનોલમાંથી સરળતાથી તૈયાર કરી શકાય છે. જો આ ટેક્નોલોજી મોટા સ્તર પર સફળ થશે, તો ભારતની વિદેશી એલપીજી પરની નિર્ભરતા ઘણી ઓછી થઈ જશે.

આ પ્રોજેક્ટ સાથે જોડાયેલા વૈજ્ઞાનિક ડૉ. ટી. રાજાના જણાવ્યા અનુસાર, ડીએમઈ (DME) અને એલપીજીના ઉપયોગમાં ઘણી સમાનતા છે. તેને પ્રોપેન અને બ્યુટેન ગેસ સાથે સરળતાથી મિશ્ર કરી શકાય છે અને તેનો ઉપયોગ ઘરેલું ગેસ અથવા ઈન્ડસ્ટ્રિયલ ફ્યુઅલ (ઔદ્યોગિક બળતણ) તરીકે થઈ શકે છે. રાહતની વાત એ છે કે, શરૂઆતના તબક્કામાં ૨૦ ટકા ડીએમઈ અને ૮૦ ટકા એલપીજીના મિશ્રણનો ઉપયોગ કરવાની યોજના છે, જેના કારણે સામાન્ય લોકોને પોતાના વર્તમાન ગેસ ચૂલા કે સિલિન્ડર બદલવાની કોઈ જરૂર નહીં પડે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે ડીએમઈનો ઉપયોગ માત્ર રસોડા પૂરતો મર્યાદિત નહીં રહે, પરંતુ એલપીજીથી ચાલતી ઓટો રિક્ષામાં પણ ઈંધણ તરીકે આનો ઉપયોગ કરી શકાશે. એટલે કે, આ નવી ટેક્નોલોજી ઘરેલું ગેસથી લઈને ટ્રાન્સપોર્ટ સેક્ટર



સુધી મોટો સકારાત્મક બદલાવ લાવી શકે છે. આ સ્વદેશી ટેક્નોલોજી અપનાવવાથી ભારતને આશરે ૪.૦૪ અબજ ડૉલર એટલે કે અંદાજે ૩૪,૨૦૦ કરોડ રૂપિયાની ફોરેન કરન્સી બચાવવામાં મોટી મદદ મળી શકે છે. હાલના સમયમાં આ પગલું ખૂબ જ મહત્ત્વનું માનવામાં આવી રહ્યું છે, કારણ કે પશ્ચિમ એશિયામાં યુદ્ધની સ્થિતિ અને વૈશ્વિક તણાવને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે એલપીજીના સપ્લાય અને કિંમતો પર સતત દબાણ વધી રહ્યું છે. ડીએમઈ બનાવવાની પ્રક્રિયા પણ એકદમ આધુનિક છે. આમાં કોલ ગેસિફિકેશન ટેક્નોલોજી દ્વારા પહેલા કોલસાને સિન્થેટિક ગેસમાં બદલવામાં આવે છે અને ત્યારબાદ તેમાંથી ડીએમઈ તૈયાર થાય છે. વૈજ્ઞાનિકોના મતે, ડીએમઈ જ્યારે સળગે છે ત્યારે પરંપરાગત હાઈડ્રોકાર્બન ઈંધણની તુલનામાં ખૂબ જ ઓછું પ્રદૂષણ ફેલાવે છે, તેથી જ તેને એક શ્રેષ્ઠ ક્લીન ફ્યુઅલ (સ્વચ્છ ઈંધણ) તરીકે જોવામાં આવી રહ્યું છે. બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) દ્વારા ભારતમાં ૨૦ ટકા ડીએમઈ-એલપીજી બ્લેન્ડિંગ (મિશ્રણ)ના ધોરણોને પહેલેથી જ મંજૂરી આપી દેવામાં આવી છે. જો કે, અત્યારે ભારતમાં ડીએમઈનું ઉત્પાદન માત્ર પાયલોટ પ્રોજેક્ટના સ્તર પર જ થઈ રહ્યું છે, પરંતુ નિષ્ણાતોનું માનવું છે કે જો આ ક્ષેત્રમાં યોગ્ય સરકારી નીતિ અને રોકાણ મળે તો તે ખૂબ જ ઝડપથી આગળ વધી શકે છે. એક રસપ્રદ તથ્ય એ પણ છે કે દુનિયામાં ડીએમઈના ઉત્પાદનમાં ચીન અત્યારે સૌથી મોખરે છે અને વિશ્વની કુલ ક્ષમતાનો લગભગ ૯૦ ટકા હિસ્સો તેની પાસે છે. આવા સમયે ભારત આ સ્વદેશી ટેક્નોલોજી દ્વારા ઊર્જા ક્ષેત્રે આત્મનિર્ભર બનવા માટે એક મોટું પગલું ભરી રહ્યું છે. પુણેની લેબોરેટરીમાં આના પર કામ કરી રહેલા યુવા વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, આ માત્ર એક સામાન્ય રિસર્ચ પ્રોજેક્ટ નથી પરંતુ દેશની ઊર્જા સુરક્ષા સાથે જોડાયેલું એક મોટું મિશન છે. તેમનું દ્રઢપણે માનવું છે કે આવનારા વર્ષોમાં ડીએમઈ ભારત માટે એ જ મહત્ત્વની ભૂમિકા ભજવશે, જે ક્યારેક એલપીજીએ ભજવી હતી.

### વિક્રોલીમાં બનશે ભારતની પહેલી અંડરસી ટનલ

# અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન ફર્સ્ટ લુક જાહેર

**દિલ્હીમાં આવેલી રેલવે મંત્રાલયની બિલ્ડિંગના ગેટ નંબર ૪ પર આ હાઈ-સ્પીડ ટ્રેન સેટનો એક ફોટો પ્રદર્શિત કરવામાં આવ્યો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મુંબઈ અને અમદાવાદ વચ્ચે દોડનારી ભારતની હાઈ-સ્પીડ બુલેટ ટ્રેનનો ફર્સ્ટ લુક સત્તાવાર રીતે જાહેર કરી દેવામાં આવ્યો છે. રેલવે મંત્રાલયે આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટની એક ઝલક દુનિયા સમક્ષ મૂકી છે. નવી દિલ્હીમાં આવેલી રેલવે મંત્રાલયની બિલ્ડિંગના ગેટ નંબર ૪ પર આ હાઈ-સ્પીડ ટ્રેન સેટનો એક ફોટો પ્રદર્શિત કરવામાં આવ્યો છે. આ ડિસ્પ્લેમાં ટ્રેનની અત્યંત આધુનિક એરોડાયનેમિક ડિઝાઈન સ્પષ્ટપણે જોઈ શકાય છે.



મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ રેલ કોરિડોર કુલ ૫૦૮ કિલોમીટર લાંબો છે. જે સત્તાવાર રીતે ૧૫મી ઓગસ્ટ, ૨૦૨૭ના રોજ લોન્ચ કરવામાં આવે તેવી શક્યતા છે.અત્યારે ટ્રેન કે બસમાં જે મુસાફરી માટે કલાકોના કલાકો બગાડવા પડે છે, તે અંતર બુલેટ ટ્રેન માત્ર આશરે ૨ કલાકમાં કાપી નાખશે. બુલેટ ટ્રેન આ આખા રૂટ પર કુલ ૧૨ સ્ટેશનો પર ઊભી રહેશેઃ મુંબઈ (બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ), થાણે, વિરાર, બોઈસર, વાપી, બિલીમોરા, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ / નડિયાદ, અમદાવાદ, સાબરમતી.

બુલેટ ટ્રેન પ્રોજેક્ટ હેઠળ હાલમાં જ મુંબઈના પૂર્વીય ઉપનગર વિક્રોલી ખાતે ટનલ બનાવવા માટે દેશનું પહેલું ટનલ બોરિંગ મશીન 'કટરહેડ' જમીનની અંદર ઉતારી દેવામાં આવ્યું છે. ૧૩.૬ મીટર વ્યાસ ધરાવતું આ વિશાળ કટરહેડ આશરે ૩૫૦ ટન વજન ધરાવે છે. મુંબઈમાં કુલ ૨૧ કિલોમીટર લાંબી ટનલ બનાવવામાં આવશે જેમાં થાણે ક્રિકની નીચે ૭ કિલોમીટર લાંબી દેશની પહેલી અંડરસી ટનલ ( સમુદ્રની અંદર ) બનાવવામાં આવશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સપ્ટેમ્બર ૨૦૧૭માં અમદાવાદના સાબરમતી ખાતે મેગા પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો. હાલમાં જ ગુજરાતની મુલાકાતે આવેલા રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, પ્રોજેક્ટનું કામ ખાસ કરીને ગુજરાતમાં ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યું છે. વાયર ડક્ટ ઈન્સ્ટોલેશન અને ગર્ડર પ્લેસમેન્ટ જેવા મોટા કામો પૂર્ણ થઈ ગયા છે. અત્યારે ટ્રેક બિછાવવાનું અને ઈલેક્ટ્રિકલ વાયરિંગનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે.

## AAP નેતા દીપક સિંગલાની ધરપકડ કરવામાં આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા આમ આદમી પાર્ટીના નેતા સામે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. આમ આદમી પાર્ટી (AAP)ના નેતા દીપક સિંગલાની EDએ ધરપકડ કરી છે. આ પહેલા EDએ દિલ્હી અને ગોવા સહિત અનેક શહેરોમાં બે અલગ-અલગ કેસમાં દરોડા પાડ્યા હતા. EDની પહેલી કાર્યવાહી AAPના નેતા દીપક સિંગલા સામે થઈ છે. બેંક ફ્રોડના એક કેસમાં તપાસ એજન્સીએ દિલ્હી અને ગોવામાં તેમના ઠેકાણાઓ પર તપાસ કરી હતી. બીજી કાર્યવાહી દિલ્હીના સુભાષ નગર સ્થિત 'બાબાજી ફાઈનાન્સ ગ્રુપ'ના રામ સિંહના નિવાસ સ્થાને કરવામાં આવી છે. બાબાજી ફાઈનાન્સ ગ્રુપ સામે આ કાર્યવાહી સામાન્ય લોકો સાથે છેતરપિંડી અને અંદાજે ૧૮૦ કરોડ રૂપિયાની હેરાફેરી (મની લોન્ડરિંગ)ના આરોપમાં કરવામાં આવી છે. EDની આ કાર્યવાહી બે અલગ-અલગ કેસમાં થઈ છે. જેમાં પહેલા કેસમાં દિલ્હી અને ગોવામાં બેંક ફ્રોડ મામલે AAPના નેતા દીપક સિંગલાના ઠેકાણાઓ પર ઈડી દ્વારા તપાસ કરવામાં આવી છે.

### ૨૧ સભ્યોના નવા મંત્રીમંડળે પણ શપથ ગ્રહણ કર્યા

# કોંગ્રેસના નેતા વી.સતીશને લીધા મુખ્યમંત્રી પદના શપથ

(સંપૂર્ણ સમાચાર સેવા)કેરલમ

કેરલમ વિધાનસભા ચૂંટણીમાં લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ (LDF)ની કારમી હાર સાથે જ રાજ્યમાંથી ડાબેરી શાસનની વિદાય થઈ છે અને હવે યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (UDF)એ રાજ્યની ૧૪૦ બેઠકોમાંથી ૧૦૨ બેઠકો પર ઐતિહાસિક જીત નોંધાવતા નવો રાજકીય અધ્યાય શરૂ થયો છે. આ ભવ્ય વિજય બાદ કોંગ્રેસના વરિષ્ઠ નેતા વી.ડી. સતીશને આજે તિરુવનંતપુરમના સેન્ટ્રલ સ્ટેડિયમ ખાતે યોજાયેલા એક ઐતિહાસિક સમારોહમાં કેરલમના નવા મુખ્યમંત્રી તરીકે પદ અને ગુપ્તતાના શપથ લીધા છે. તેમની સાથે ૨૧ સભ્યોના નવા મંત્રીમંડળે પણ શપથ ગ્રહણ કર્યા છે, જેમાં અનુભવી અને યુવા ચહેરાઓનું અદ્ભુત સંતુલન રાખવામાં આવ્યું છે. આ શપથગ્રહણ સમારોહમાં રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે સહિત દેશભરના વિપક્ષી દિગ્ગજો



ખાસ ઉપસ્થિત રહ્યા. આ ઐતિહાસિક શપથગ્રહણ સમારોહમાં મુખ્યમંત્રી વી.ડી. સતીશન ઉપરાંત ૨૦ મંત્રીઓ ધરાવતા પૂર્ણ કેબિનેટને પણ શપથ લેવડાવવામાં આવ્યા છે. આ ભવ્ય પ્રસંગના સાક્ષી બનવા માટે કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા અને પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સહિતના દિગ્ગજ નેતાઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કોંગ્રેસના નેતૃત્વવાળા આ ગઠબંધને તાજેતરમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં સીપીઆઈ(એમ)ના નેતૃત્વવાળા લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ (LDF)ને સત્તા પરથી હટાવીને પ્રચંડ બહુમતી મેળવી છે. ૧૪૦ સભ્યોની વિધાનસભા બેઠકો માટે ૯ એપ્રિલે મતદાન થયું હતું અને ૪ મેના રોજ જાહેર થયેલા પરિણામોમાં UDF ને ૧૦૨ બેઠકો પર ઐતિહાસિક જીત મળી હતી, જ્યારે LDF ને માત્ર ૩૫ બેઠકો અને ભાજપને ૩ બેઠકો મળી શકી હતી.

# અંધાધૂંધ ફાયરિંગથી હચમચી ઉઠ્યું મેક્સિકોઃ ૩ મહિલા, એક બાળક સહિત ૧૦ના મોત

**ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ઉભો કર્યો છે અને સૈંકડો પરિવારોને ઘર છોડવાની ફરજ પડી રહી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)મેક્સિકો

મેક્સિકોના પૂર્વ-મધ્ય રાજ્ય પુએબ્લામાં ગેંગ હિંસાની વધુ એક ભયાનક ઘટના સામે આવી છે. તેહુઈટ્ઝિંગો શહેરમાં સશસ્ત્ર બંદૂકધારીઓએ હુમલો કરતાં ઓછામાં ઓછા ૧૦ લોકોના મોત થયા છે. મૃતકોમાં છ પુરુષો, ત્રણ મહિલાઓ અને એક બાળકનો સમાવેશ થાય છે. આ હુમલાએ સમગ્ર વિસ્તારમાં ડર અને અસુરક્ષાનો માહોલ ઉભો કરી દીધો છે. સ્થાનિક લોકોમાં ભારે ભય ફેલાયો છે અને ઘણા પરિવારો સુરક્ષિત સ્થળોની શોધમાં પોતાના ઘરો છોડવા મજબૂર બન્યા છે.પુએબ્લા જાહેર સુરક્ષા એજન્સીના નિવેદન અનુસાર, રવિવારે થયેલી આ ગોળીબારની ઘટનાની ફેડરલ અધિકારીઓ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. જોકે, હજુ સુધી કોઈ શંકાસ્પદ વ્યક્તિ અંગે સત્તાવાર માહિતી જાહેર કરવામાં આવી નથી. ઘટનાસ્થળે ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે અને તપાસ એજન્સીઓ દરેક દિશામાં તપાસ કરી રહી છે. સ્થાનિક અધિકારીઓએ પણ લોકોને સાવચેત રહેવાની અપીલ કરી છે. આ પહેલા પણ પુએબ્લા રાજ્યમાં અનેક હિંસક ઘટનાઓ બની ચૂકી છે. ફેબ્રુઆરી મહિનામાં હુએહુએટલાન એલ ગ્રાન્ડે શહેરમાં છ લોકોની હત્યા કરવામાં આવી હતી. ત્યારબાદ થોડા જ દિવસોમાં પુએબ્લાની રાજધાનીમાં એક વાહન પર હુમલો થયો હતો, જેમાં ત્રણ લોકોના મોત થયા હતા. સતત વધી રહેલી આ ગેંગ હિંસા હવે સમગ્ર મધ્ય મેક્સિકો માટે ગંભીર ચિંતાનો વિષય બની ગઈ છે. લોકોમાં સુરક્ષાને લઈને ભય વધતો જઈ રહ્યો છે. અહેવાલો મુજબ, તાજેતરના મહિનાઓમાં મધ્ય મેક્સિકોમાં કાર્ટેલ અને ગેંગ હિંસામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે.







### ગેરકાયદે મદરેસા પર ચાલશે બુલડોઝર

# બંગાળમાં દર મહિને મહિલાઓને ૩૦૦૦ રૂપિયા આપવાનો નિર્ણય

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળમાં, મુખ્ય પ્રધાન સુવેન્દુ અધિકારીની અધ્યક્ષતામાં યોજાયેલ બીજી કેબિનેટ બેઠકમાં કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો લેવાયા છે. સીએમ સુવેન્દુએ 'અન્નપૂર્ણા ભંડાર યોજના' અને મહિલાઓ માટે મફત બસ સેવાને મંજૂરી આપી છે. આ યોજનાના અમલીકરણ સાથે, બંગાળમાં મહિલાઓને, આગામી ૧ જૂનથી દર મહિને રૂપિયા ૩,૦૦૦ મળવાનું શરૂ થશે. વધુમાં, ૧ જૂનથી, બધી મહિલાઓ સરકારી બસમાં મફત મુસાફરી કરી શકશે. આજે ૧૮મી મે અને સોમવારે, મળેલ સુવેન્દુ અધિકારીની કેબિનેટ બેઠકમાં, ઘણા મુખ્ય નિર્ણયોને મંજૂરીની મહોર મારી દીધી. રાજ્ય પ્રધાન અગ્નિમિત્રા પોલે, જણાવ્યું કે, કેબિનેટ બેઠક દરમિયાન અન્નપૂર્ણા યોજનાને મંજૂરી આપવામાં આવી હતી. આ યોજના હેઠળ, રાજ્યભરની મહિલાઓને, આગામી ૧ જૂન, ૨૦૨૬ થી દર મહિને રૂપિયા ૩,૦૦૦ ની નાણાકીય સહાય મળશે. વધુમાં, પશ્ચિમ બંગાળ કેબિનેટે ૧ જૂનથી સરકારી બસમાં મહિલાઓ માટે મફત મુસાફરીને મંજૂરી આપી હતી.સુવેન્દુ અધિકારીની સરકારના મહિલા પ્રધાન અગ્નિમિત્ર પોલે જાહેરાત કરી છે કે, પશ્ચિમ બંગાળની ભાજપ સરકારે તેના કર્મચારીઓ, સંલગ્ન વૈધાનિક સંસ્થાઓ અને શૈક્ષણિક સંસ્થાઓ માટે ૭મા રાજ્ય પગાર પંચના બંધારણને મંજૂરી આપી છે. આ સાથે જ, ધાર્મિક વર્ગીકરણના આધારે જૂથોને હાલમાં આપવામાં આવતી સરકારી સહાય જૂનથી બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

## તંત્રી લેખ......

### ન્યાયાધીશોની સંખ્યા

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશોની સંખ્યા ૩૩ થી વધારીને ૩૭ કરવા માટે વટહુકમ બહાર પાડ્યો છે, જે દર્શાવે છે કે સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશોની સંખ્યા ઝડપથી વધે. હવે, મુખ્ય ન્યાયાધીશ સહિત, સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશોની કુલ સંખ્યા ૩૮ થશે. આ નિઃશંકપણે સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ કેસોનો ભાર ઘટાડવામાં અને ન્યાયિક પ્રક્રિયાને ઝડપી બનાવવામાં મદદ કરશે. આશા છે કે આનાથી સુપ્રીમ કોર્ટમાં લોકોને ઝડપી ન્યાય મળશે, પરંતુ પ્રશ્ન એ છે કે હાઈકોર્ટ અને ગૌણ અદાલતોમાં પરિસ્થિતિ કેવી રીતે અને ક્યારે બદલાશે? હાઈકોર્ટ અને ગૌણ અદાલતોમાં કેસોનો બેકલોગ ઘટાડવા માટે પણ પગલાં લેવાની જરૂર છે, જેથી લોકોને સમયસર ન્યાય મળે. એ વાતને અવગણી શકાય નહીં કે સુપ્રીમ કોર્ટથી લઈને જિલ્લા સ્તર સુધીની અદાલતોમાં પેન્ડિંગ કેસોની સંખ્યા લગભગ પાંચ કરોડ સુધી પહોંચી ગઈ છે. ન તો પેન્ડિંગ કેસોનો બેકલોગ ઘટી રહ્યો છે, ન તો લોકોને સમયસર ન્યાય મળી રહ્યો છે. પરિસ્થિતિ એવી છે કે સરળ કેસોનો ઉકેલ લાવવામાં પણ વર્ષો, ક્યારેક દાયકાઓ લાગે છે. એ ધ્યાનમાં રાખવું જોઈએ કે ન્યાયમાં વિલંબ એ અન્યાયનો એક પ્રકાર છે. સુપ્રીમ કોર્ટ હોય, હાઈકોર્ટ હોય કે ગૌણ અદાલતો હોય, ફક્ત ન્યાયાધીશોની સંખ્યા વધારવી પૂરતું નથી. સમયસર ન્યાય આપવા માટે, દરેક સ્તરે ન્યાયતંત્રને પણ પૂરતા માળખાકીય સુવિધાઓથી સજ્જ કરવું જોઈએ. ન્યાયમાં વિલંબનું એક કારણ ફક્ત ન્યાયાધીશોની અછત નથી, પણ સંસાધનોનો અભાવ પણ છે. સુપ્રીમ કોર્ટ સિવાયની અન્ય અદાલતોમાં ન્યાયાધીશોની સંખ્યા વધારવા પર ગંભીરતાથી વિચાર કરવો જોઈએ, કારણ કે આપણા દેશમાં, દર મિલિયન વસ્તીએ ફક્ત ૨૨ ન્યાયાધીશો છે. તેનાથી વિપરીત, વિકસિત દેશોમાં, દર મિલિયન વસ્તીએ ન્યાયાધીશોની સંખ્યા ૧૦૦ થી વધુ છે. દાયકાઓ પહેલા, કાયદા પંચે ઝડપી ન્યાય સુનિશ્ચિત કરવા માટે દર મિલિયન વસ્તીએ ઓછામાં ઓછા ૫૦ ન્યાયાધીશોની નિમણૂક કરવાની જરૂરિયાત વ્યક્ત કરી હતી. કોઈને ખબર નથી કે આ જરૂરિયાત કેમ પૂર્ણ થઈ રહી નથી. સમયસર ન્યાય સુનિશ્ચિત કરવા માટે, ન્યાયિક પ્રક્રિયામાં ફેરફાર કરવો પણ જરૂરી છે. વધુમાં, કારોબારીએ પોતાના લોકો સામે કેસ દાખલ કરવાની વૃત્તિ છોડી દેવી જોઈએ. જો આમ નહીં કરવામાં આવે તો, મુલતવી રાખવાનો ચક્ર અવિરત ચાલુ રહેશે.

# ગુજરાતના ૩ થી ૪ દિગ્ગજ નેતાઓને ભાજપના રાષ્ટ્રીય સંગઠનમાં સ્થાન મળશે

### ગોરધન ઝડફીયા, ભુપેન્દ્રસિંહ ચુડાસમા, રમણલાલ વોરા, આર સી ફળદુ માટે ટીમ નિતીન નબીનમાં સ્થાન મેળવવાના ઉજળા સંજોગો



પ્રતિનિધિ,ગાંધીનગર

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નિતીન નબીન દ્વારા હવે ટુંક સમયમાં સંગઠનનુ માળખુ જાહેર કરવામાં આવે તેવી શકયતા હાલ દેખાય રહી છે. જેમાં ગુજરાતના ૩ થી ૪ નેતાઓને રાષ્ટ્રીય સંગઠનમાં સ્થાન આપવામાં આવે તેવી શકયતા હાલ દેખાય રહી છે. આવતા મહિને ગુજરાતની રાજય સભાની પણ ૪ બેઠકો ખાલી પડી રહી હોય જેમાં ગુજરાતના ભાજપના નેતાઓ માટે આગામી દિવસોમાં બહુ મોટી તક રહેલી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાના મંત્રીમંડળનુ પણ વિસ્તરણ કરી શકે છે, જો કે તેમાં ગુજરાતના કોઈ સાંસદનો સમાવેશ કરવામાં આવે તેવી શકયતા ખુબ જ નહીવત છે. કારણ કે હાલ ગુજરાતના લોકસભા અને રાજયસભાના ૯ સાંસદો કેન્દ્ર સરકારમાં મંત્રી તરીકે જવાબદારી વહન કરી રહ્યા છે તે પૈકી ૫ સાંસદો તો કેબિનેટ મંત્રી છે. જયારે એક રાજય સભાના સાંસદ છે. ભાજપના રાષ્ટ્રીય સંગઠનમાં હવે ગુજરાતના ૩ થી ૪ નેતાઓને મહત્વપૂર્ણ સ્થાન મળી શકે છે. કેન્દ્રની મોદી સરકારમાં હાલ ગુજરાતના લોકસભાના સાંસદ અમિત શાહ ઉપરાંત ડો. મનસુખ માંડવીયા, સીઆર પાટીલ અને નિમુબેન બાંભણીયા, જયારે રાજયસભાના સાંસદ જે પી નડ્ડા અને એસ જયશંકર મંત્રી પદ ભોગવી રહ્યા છે. જેમાં એકમાત્ર નીમુબેન બાંભણીયા રાજય કક્ષાના મંત્રી છે. બાકીના પાંચેય સાંસદો કેબિનેટ મંત્રી છે અને તમામ પાસે ખુબ જ સારા મંત્રાલયો છે. આવામાં હવે મોદી સરકારના મંત્રી મંડળમાં ગુજરાતનો કવોટો લગભગ પુરો થઈ ગયો છે.

છતાં એક શકયતા એવી પણ દેખાય રહી છે કે રાજય સરકારના મંત્રીમંડળમાં ભાવનગરના બે ધારાસભ્યો મંત્રી પદે હોય હવે ભાવનગરના સાંસદને કેન્દ્રીય મંત્રી મંડળમાંથી પડતા મુકવામાં આવશે, તો બીજી તરફ છેલ્લા બે ટર્મ થી ગુજરાત સરકારના મંત્રી મંડળમાં સાબરકાંઠા જિલ્લાની બાદબાકી કરવામાં આવે છે જેને લઈ ભાજપના રાષ્ટ્રીય સંગઠનમાં સાબરકાંઠા જિલ્લામાંથી પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરાને સ્થાને મળી શકે છે.

રાજયના મંત્રીમંડળમાંથી દાયકાઓ પછી બાકાત રહેલા રાજકોટને કેન્દ્રીય મંત્રીમંડળમાં સ્થાન મળી શકે છે. પુરષોત્તમ રૂપાલાને ફરી મંત્રીમંડળમાં સ્થાન આપવામાં આવે તેવી શકયતા દેખાય રહી છે. આવતા વરસના અંતમાં ગુજરાતમાં વિધાનસભાની ચુંટણીઓ યોજાવવાની છે ત્યારે ભાજપના રાષ્ટ્રીય સંગઠનમાં ગુજરાતના ૩ થી ૪ નેતાઓને સ્થાન આપવામાં આવી શકે છે, જેમાં પૂર્વ મંત્રી ગોરધન ઝડફીયા, ભુપેન્દ્રસિંહ ચુડાસમા, પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરા, પૂર્વ મંત્રી આર સી ફળદુ ને સ્થાન આપવામાં આવી શકે છે. ભારતીબેન શિયાળનુ નામ પણ ચર્ચાય છે, હવે એકપણ રાજયની ચુંટણી નજીકના દિવસોમાં નથી આવવાની, ભાજપ દ્વારા હવે રાષ્ટ્રીય સંગઠનની નિમણુંકની પ્રક્રિયા હાથ પર લેવામાં આવશે. ગુજરાતના કોઈ નેતાને ભાજપના રાષ્ટ્રીય સંગઠનમાં મહામંત્રી જેવુ મહત્વપૂર્ણ પદ પણ મળી શકે છે.

આગામી ૨૧ જુનના રોજ ગુજરાતના રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, નરહરી અમીન, શકિતસિંહ ગોહિલ અને રમીલાબેન બારાની મુદત પૂર્ણ થઈ રહી છે. વિધાનસભામાં સભ્યોની સંખ્યાના આધારે હવે ચારેય બેઠકો ભાજપને મળશે તે ફાઈનલ છે. આવામાં રાજયના ભાજપના નેતાઓ માટે રાષ્ટ્રીય સંગઠનમાં સ્થાન મેળવવાની સાથે રાજયસભાના સાંસદ બનવાની પણ સુવર્ણ તક રહેલી છે.

### તકેદારી, સમજદારી અને તાત્કાલિક કાર્યવાહી માટે મળ્યું "મેન ઓફ ધ મન્થ" સંરક્ષા પુરસ્કાર

## જનરલ મેનેજર પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ મંડળના ચાર કર્મચારી સંરક્ષા પુરસ્કારથી સન્માનિત



પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર રામાશ્રય પાણ્ડેય એ અમદાવાદ મંડળના ચાર કર્મચારીઓને તેમના શ્રેષ્ઠ કામ, તકેદારી અને સુરક્ષિત ટ્રેન સંચાલનમાં મહત્વપૂર્ણ યોગદાન માટે "મેન ઓફ ધ મન્થ" (માર્ચ–૨૦૨૬) સંરક્ષા પુરસ્કારથી સન્માનિત કર્યા. આ કર્મચારીઓએ પોતાની સમજદારી, કર્તવ્યનિષ્ઠા અને તાત્કાલિક નિર્ણય ક્ષમતાથી સંભાવિત દુર્ઘટનાઓને ટાળતાં રેલવે સુરક્ષામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. સન્માનિત કર્મચારીઓની વિગતો નીચે પ્રમાણે છે :

૧. શ્રી ચંદ્રશેખર સિંહ, ટ્રેન મેનેજર (માલ), ગાંધીધામ

તારીખ ૨૩.૦૨.૨૦૨૬ ના રોજ ન્યૂ પાલનપુરથી CMLK/MDCC માલગાડીનો ચાર્જ લીધા પછી શ્રી ચંદ્રશેખર સિંહે ટ્રેનની તપાસ દરમિયાન લોડ અને બ્રેકવાન વચ્ચે કપલર ગેપ વધારે જોયો. માપવા પર ગેપ ૯૨ મિમી જાણવા મળ્યો. જેની સૂચના તેમણે તરત જ સંબંધિત સ્ટેશન માસ્ટર અને C&W સ્ટાફને આપી. જરૂરી સુધારા પછી ટ્રેનને રવાના કરવામાં આવી.

ભીલડી સ્ટેશન પહોંચ્યા પછી પુનઃ નિરીક્ષણ દરમિયાન તેમણે જોયું કે રબર પ્લેટ ખસી જવાથી ગેપ ફરી ૯૨ મિમી થઈ ગયો છે. તેમણે તકેદારીથી તાત્કાલિક કાર્યવાહી કરતાં બ્રેકવાનને ડિટેચ કરી લોખંડની પ્લેટ લગાવી ખામી દૂર કરી.

૨. શ્રી રોહિત સિંહ, કાંટાવાળા

તારીખ ૩૦.૦૩.૨૦૨૬ ના રોજ LC-199 પર ફરજ દરમિયાન શ્રી રોહિત સિંહે સામાખ્યાળી સેક્શનથી પસાર થતી માલગાડીના ૧૯મા વેગનમાં 'હૉટ એક્સલ' જોઈ. તેમણે તરત જ લાલ ઝંડી બતાવી ટ્રેનને રોકાવી તથા સ્ટેશન માસ્ટરને જાણ કરી. તપાસમાં હૉટ એક્સલની જાણ થવા પર ખામીયુક્ત વેગનને અલગ કરવામાં આવ્યું. તેમની તકેદારી અને 'સેફ્ટી ફર્સ્ટ' પ્રત્યે સમર્પણના લીધે એક સંભવિત મોટી રેલવે દુર્ઘટના સમયસર ટળી ગઈ અને ટ્રેન સંચાલન સુરક્ષિતરૂપે ચાલુ રાખી શકાયું.

૩. શ્રી રત્ના ભાઈ પરમાર, ટ્રેન મેનેજર, ગાંધીધામ

તારીખ ૩૧.૦૩.૨૦૨૬ ના રોજ LPGS/IOBP/LPG ટ્રેનના સંચાલન દરમિયાન શ્રી રત્નાભાઈ પરમારે ટ્રેનમાં ગેસ જેવી વાસનો અનુભવ થવાની જાણ સ્ટેશન સ્ટાફને કરી તથા ધનકવાડા સ્ટેશન પર ટ્રેનની તપાસ કરાવી. નિરીક્ષણમાં વેગન નંબર ૭૬ ૪૨૦૮૦૧૯૦૧૭૫ માં ગેસ લિકેજ જોવા મળ્યું.

તેમણે તાત્કાલિક સ્ટેશન માસ્ટર અને કંટ્રોલ ઓફિસને સૂચના આપી. જેના પછી ફાયર બ્રિગેડ, C&W સ્ટાફ, RPF તથા અન્ય સંબંધિત વિભાગો દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી. ખામીયુક્ત વેગને છુટું પાડી જરૂરી સુરક્ષા ઉપાય કરવામાં આવ્યા.

૪. શ્રી રાકેશ કુમાર, ટ્રેન મેન્ટેનર-III

તારીખ ૦૨.૦૩.૨૦૨૬ ના રોજ RUB-169 પર વૉચમેન ડ્યૂટી દરમિયાન શ્રી રાકેશ કુમારે જોયું કે એક ટ્રેન નિર્ધારિત ૨૦ કિમી પ્રતિ કલાકની કૉશન ગતિથી વધારે ગતિથી પસાર થઈ રહી છે. સ્થિતિની ગંભીરતાને સમજતાં તેમણે તરત જ લાલ ઝંડી બતાવી ટ્રેનને રોકી.

પશ્ચિમ રેલવે દ્વારા આ કર્મચારીઓની તકેદારી, ઈમાનદારી અને કર્તવ્યનિષ્ઠાને કારણે સંભાવિત જોખમને સમયસર ટાળી શકાયા. તેમના ઉદાહરણરૂપ કામ અને સમર્પણને જોતાં તેમને સંરક્ષા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા.

## ગોમતી નદીમાં લાપતા યુવકનો મોડી રાત્રે મૃતદેહ મળી આવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)દેવભૂમિ દ્વારકા

યાત્રાધામ દેવભૂમિ દ્વારકાના ગોમતીઘાટ ખાતે પવિત્ર અધિક માસના પહેલા (૧૭મી મે) દિવસે સ્નાન કરતી વખતે ડૂબેલા રાજકોટના યુવકની દુર્ઘટનામાં આખરે ભારે આઘાતજનક અને કરૂણ અંત આવ્યો છે. ગોમતી નદીના તેજ પ્રવાહમાં લાપતા બનેલા ૨૧ વર્ષીય વિશાલ પરમારનો મૃતદેહ મોડી રાત્રે ફાયર બ્રિગેડની ટીમને મળી આવ્યો હતો. મેગા સર્ચ ઓપરેશનના અંતે યુવકનો મૃતદેહ હાથ લાગતાં જ હોસ્પિટલ ખાતે હાજર પરિવારજનોમાં કલ્પાંત વ્યાપી ગયો છે.પવિત્ર અધિક માસના પ્રારંભના પહેલા દિવસે ગોમતી નદીના સ્નાનનું સવિશેષ ધાર્મિક મહત્ત્વ હોવાથી વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓની ભારે ભીડ ઉમટી હતી. લોકો હરિનામ સ્મરણ સાથે પવિત્ર ડૂબકી લગાવી રહ્યા હતા, ત્યારે જ રાજકોટથી પરિવાર સાથે આવેલા બે યુવાનો સ્નાન કરવા માટે પાણીમાં ઉતર્યા હતા.

## ગાડીમાં પેટ્રોલ નથી તો શું ચાલતો આવું ? તલાટીની ઘોર બેદરકારી અને ગેરવર્તણુંકનો ઓડીયો વાયરલ




પ્રતિનિધિ,ગાંધીનગર

વલસાડના નાના પોઢા તાલુકાના ઘોઘડકુવા ગામના તલાટી સંજય ભોયા ની ઉધ્ધત વર્તણુંક બહાર આવી છે. ઓન ડ્યુટી હોવા છતાં તેઓ પંચાયત કચેરીએ હાજર રહ્યા ન હતા, જયારે તાલુકા પંચાયતના વિપક્ષી સભ્યોએ સંપર્ક કર્યો ત્યારે તલાટીએ એવો જવાબ આપ્યો કે પેટ્રોલના પૈસા સરકાર આપતી નથી, તો શું ચાલતો આવુ ? આ બેદરકારીને કારણે કંપનીઓમાંથી રજા પાડીને આવેલા શ્રમિકો અને મહિલાઓ અટવાઈ હતી, આ મામલે ઈન્ચાર્જ ટીડીઓને તપાસના આદેશ આપ્યા છે.

### મૃતકના પરિવારે લગાવ્યા ગંભીર આરોપ

## રાજકોટમાં દેશી દારુ પીધા બાદ બે વ્યક્તિના મોત થયાની આશંકા

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટના સામા કાંઠા વિસ્તારમાં બે વ્યક્તિનું શંકાસ્પદ મોત થયું હતું. મળતી જાણકારી અનુસાર, રાજકોટના સામા કાંઠા વિસ્તારમાં દેશી દારુ પીધા બાદ બે વ્યક્તિના મોત થયાની આશંકા છે. મનસુખ ડાભી અને અલ્પેશ સાબરિયાનું રવિવારે મોત થયું હતું. બંને મિત્રોને દારુ પીવાની ટેવ હોવાનો પણ ખુલાસો થયો હતો. ક્રાઈમબ્રાંચની ટીમે બુટલેગરની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી હતી.

મૃતકના પરિવારે ગંભીર આરોપ લગાવ્યા હતા. જીણા ભગત નામના બુટલેગર પર મૃતકના પુત્રએ આરોપ લગાવ્યા હતા. પરિવારે આરોપ લગાવ્યો કે દારૂમાં કેમિકલ અથવા કંઈક ભેળવ્યું હોવાની આશંકા છે. પિતાએ પોલીસને જીણા ભગતનું એડ્રેસ બતાવતા કાવતરું રચાયું હોવાનો આરોપ લાગ્યો છે. જીણા ભગત વર્ષોથી બુટલેગર છે અને આ વિસ્તારમાં દારુ વેચે છે.

પોલીસે આ મામલે કાર્યવાહી શરૂ કરી હતી. પ્રાથમિક તપાસમાં પોલીસને આશંકા છે કે આ સામાન્ય મોત નથી, પરંતુ દેશી દારૂ બનાવતી વખતે તેમાં નશાનું પ્રમાણ વધારવા માટે કોઈ ઘાતક કેમિકલ અથવા ઝેરી પદાર્થની ભેળસેળ કરવામાં આવી હોઈ શકે છે. બંન્ને મૃતકોનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરવામાં આવશે. મનસુખભાઈ ડાભી (ઉ.વ.૫૦) અને તેના મિત્ર અલ્પેશભાઈ સાબરિયા (ઉ.વ.૪૩) રવિવારે રાત્રે નવેક વાગ્યે બેભાન હાલતમાં મળી આવતાં બંનેને સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા પરંતુ સારવાર દરમિયાન બંન્નેના મોત થયા હતા. ઘટનાને પગલે ક્રાઈમ બ્રાંચના અધિકારીઓ સહિતનો કાફલો દોડી આવ્યો હતો અને તપાસ શરૂ કરી હતી.

મૃતક મનસુખભાઈ ડાભીના પુત્ર વિનય ડાભીએ આરોપ લગાવ્યો હતો કે તેના પિતા મનસુખભાઈ અને મિત્ર અલ્પેશભાઈ સાબરિયાને દારુ પીવાની ટેવ હતી. કેટલાક સમયથી જીણા ભગત સાથે માથાકૂટ ચાલતી હોવાથી તેણે દેશી દારૂમાં કોઈ ઝેરી પદાર્થ પીવડાવી બંનેને મોતને ઘાટ ઉતારી દીધા હતા. આ મામલે ક્રાઈમ બ્રાંચની ટીમે બુટલેગરની ધરપકડ કરી હતી. ફોરેન્સિક પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જ મોતનું સાચું કારણ બહાર આવશે.

આ ઘટનાને પગલે સ્થાનિક કક્ષાએ દેશી દારૂના દૂષણ સામે જનઆક્રોશ ફાટી નીકળ્યો છે.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - સોમવાર, ૧૮/૦૫/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૧૪૧૧ | ૪૬૯.૦૦ | ૫૩૧.૦૦ |
| ૨ | મગફળી | ૧૨૦ | ૧,૨૩૧.૦૦ | ૧,૮૨૬.૦૦ |
| 3 | એરંડા | ૧૮૫ | ૧,300.00 | ૧,30૫.00 |
| ૪ | રાયડો | ૫ | ૧,૧૬૦.૦૦ | ૧,૨૫૮.૦૦ |
| ૫ | બાજરી | ૫૯ | ૪૬૦.૦૦ | ૪૮૮.૦૦ |
| ૬ | મકાઇ | ૩૫૫ | ૪૧૧.૦૦ | ૪૫૧.૦૦ |
| ૭ | ચણા | ૧૬૨ | ૯૭૦.૦૦ | ૧,૦૭૫.૦૦ |
| ૮ | ચણા (કાબુલી ) | ૧૩૬ | ૧,૦૫૦.૦૦ | ૧,૫૨૬.૦૦ |
| ૯ | મગ | ૧ | ૧,૧૦૦.૦૦ | ૧,૫૭૦.૦૦ |
| ૧૦ | ગવાર | ૫ | ૯૦૦.૦૦ | ૯૭૮.૦૦ |
| ૧૧ | તમાકુ | ૦ | ૧,૨૦૦.૦૦ | ૨,૨૫૦.૦૦ |
| ૧૨ | તમાકુ (ગારીયુ) | ૦ | ૯૫૦.૦૦ | ૧,૩૫૦.૦૦ |
| ૧૩ | સોયાબીન | ૬ | ૧,૦૦૦.૦૦ | ૧,૩૯૩.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

### અભિયાન હેઠળ વિવિધ જાગૃતિ કાર્યક્રમ આયોજિત કરવામાં આવશે

## "વિશ્વ પર્યાવરણ દિવસ ૨૦૨૬" હેઠળ મંડળ રેલવે મેનેજરે લેવડાવી પર્યાવરણ સંરક્ષણની પ્રતિજ્ઞા




ભારતીય રેલવે દ્વારા ૧૫ મે થી ૫ જૂન ૨૦૨૬ સુધી આયોજિત કરવામાં આવી રહેલા વિશ્વ પર્યાવરણ દિવસ અભિયાન હેઠળ ૧૮ મે ૨૦૨૬ ના રોજ મંડળ રેલવે મેનેજર ઓફિસ, અમદાવાદમાં પ્રતિજ્ઞા ગ્રહણ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો.

આ અવસર પર મંડળ રેલવે મેનેજર (DRM) શ્રી વેદ પ્રકાશ એ મંડળ ઓફિસના અધિકારીઓ અને કર્મચારીઓને પર્યાવરણ સંરક્ષણ, સ્વચ્છતા અને પ્રાકૃતિક સંસાધનોના સંવર્ધન પ્રત્યે પ્રતિજ્ઞા લેવડાવી. પ્રતિજ્ઞા મારફતે તમામ ઉપસ્થિત અધિકારીઓ અને કર્મચારીઓએ પર્યાવરણ સંરક્ષણને પોતાના દૈનિક જીવનનો અભિન્ન હિસ્સો બનાવવાના, જળ અને ઉર્જાની બચત કરવાના, પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવાના, સ્વચ્છતા જાળવી રાખવાના અને હરિત તથા સતત જીવનશૈલી અપનાવવાના સંકલ્પ લીધા. આ અભિયાનનો ઉદ્દેશ પર્યાવરણ સંરક્ષણ, પ્લાસ્ટિક પ્રદૂષણમાં ઘટાડો, સ્વચ્છતા, જળ અને ઉર્જા સંરક્ષણ તથા સતત જીવનશૈલીને પ્રોત્સાહન આપવાનો છે. આ અભિયાન હેઠળ વિવિધ રેલવે સ્ટેશનો, રેલવે કોલોનીઓ, ઓફિસ સંકુલો અને જાહેર સ્થળોએ પ્રભાત ફેરીઓ, સ્વચ્છતા અભિયાન, વૃક્ષારોપણ કાર્યક્રમ, શેરી નાટક, કાર્યશાળાઓ, જાગૃતિ રેલીઓ, હરીફાઈઓ અને સામાજિક સહભાગિતા કાર્યક્રમ આયોજિત કરવામાં આવી રહ્યા છે. ૧૫ મે થી ૫ જૂન ૨૦૨૬ સુધી ચાલનારા આ વિશેષ અભિયાન દરમિયાન રેલવે સંકુલો, પાટાઓ અને પાણીના સ્ત્રોતો પર વિશેષ સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવશે. સાથે જ "એક પેડ માં કે નામ" પહેલ હેઠળ વૃક્ષારોપણ કાર્યક્રમ પણ આયોજિત કરવામાં આવશે. "સિંગલ યુઝ પ્લાસ્ટિક" ના ઉપયોગને ઘટાડવાના તથા પર્યાવરણ અનુકૂળ જીવનશૈલીને પ્રોત્સાહન આપવા માટે વિશેષ જન-જાગૃતિ અભિયાન સંચાલિત કરવામાં આવશે. યાત્રીઓને ડિજિટલ ટિકિટીંગ અપનાવવા, પુનઃ ઉપયોગ યોગ્ય પાણીની બોટલો તથા કપડાં અને કંતાનની બેગોના ઉપયોગ માટે પ્રેરિત કરવામાં આવશે. આ ઉપરાંત શેરી નાટક, કાર્યશાળાઓ, જાગૃતિ રેલીઓ, હરીફાઈઓ અને સામાજિક સહભાગિતાના કાર્યક્રમો મારફતે તમામ લોકોને પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે જાગૃત કરવામાં આવશે.૫ જૂન ૨૦૨૬ ના રોજ "વિશ્વ પર્યાવરણ દિવસ" ના અવસરે વિશેષ કાર્યક્રમ આયોજિત કરવામાં આવશે, જેમાં પર્યાવરણ સંરક્ષણના ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામ કરનારા કર્મચારીઓ તથા ભાગ લેનારાઓને સન્માનિત કરવામાં આવશે. મંડળ રેલવે મેનેજર શ્રી વેદ પ્રકાશ એ કહ્યું કે પશ્ચિમ રેલવેનું અમદાવાદ મંડળ પર્યાવરણ સંરક્ષણ અને સતત વિકાસ પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતાને સતત આગળ વધારતાં સમાજમાં પર્યાવરણ જાગૃતિ ફેલાવવા સતત કામ કરતું રહેશે. તેમણે નાગરિકોને પર્યાવરણ સંરક્ષણને જન-આંદોલન બનાવવા તથા સ્વચ્છ અને હરિયાળા ભારતના નિર્માણમાં સક્રિય ભાગીદારી ભજવવાની હાકલ કરી.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: એમસીએક્સ પર સોનાના વાયદામાં રૂ.૮૨૯, ચાંદીના વાયદામાં રૂ.૩૭૭૫ અને ક્રૂડ તેલના વાયદામાં રૂ.૫૪ની વૃદ્ધિ

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૨૨૮૯૨૬.૮૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૮૮૩૪.૩૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૯૦૦૯૨.૪૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ મે વાયદો ૩૮૫૦૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૩૦૩૭.૩૪ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૮૧૭૦.૨૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૮૦૭૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૯૫૪૦ અને નીચામાં રૂ.૧૫૭૫૪૭ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૮૫૪૭ના આગલા બંધ સામે રૂ.૮૨૯ વધી રૂ.૧૫૯૩૭૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની મે વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૨૯૨ વધી રૂ.૧૨૭૬૯૩ થયો હતો. ગોલ્ડ-પેટલ મે વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૪૧ વધી રૂ.૧૫૯૯૯ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૭૩૭ વધી રૂ.૧૫૮૮૯૦ થયો હતો. ગોલ્ડ-ટેન મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૭૧૬૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૯૨૨૧ અને નીચામાં રૂ.૧૫૭૧૫૯ના મથાળે અથડાઈ, રૂ.૧૫૮૪૦૪ના આગલા બંધ સામે રૂ.૭૩૬ વધી રૂ.૧૫૯૧૪૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.૨૬૭૪૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૭૬૭૬૪ અને નીચામાં રૂ.૨૬૪૯૪૯ના મથાળે અથડાઈ, રૂ.૨૭૧૮૮૬ના આગલા બંધ સામે રૂ.૩૭૭૫ વધી રૂ.૨૭૫૬૬૧ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.૪૧૧૧ વધી રૂ.૨૭૮૯૪૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.૩૯૭૩ વધી રૂ.૨૭૮૮૦૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ.૩૯૦૧.૧૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું મે વાયદો રૂ.૧.૪ વધી રૂ.૧૩૪૩ના ભાવે બોલાયો હતો. જસત મે વાયદો રૂ.૪.૧૫ વધી રૂ.૩૬૭.૩૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ મે વાયદો રૂ.૨.૪ વધી રૂ.૩૮૧.૨૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું મે વાયદો ૫૫ પૈસા વધી રૂ.૨૦૨.૮ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.૬૯૧૫.૫૮ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી મે વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૬૦૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૬૬૦ અને નીચામાં રૂ.૪૬૦૧ના મથાળે અથડાઈ, રૂ.૫૭ વધી રૂ.૪૬૩૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ મે વાયદો બેરલદીઠ રૂ.૧૦૩૦૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૪૧૨ અને નીચામાં રૂ.૧૦૦૫૬ના સ્તરને સ્પર્શી, રૂ.૧૦૦૮૦ના આગલા બંધ સામે રૂ.૫૪ વધી રૂ.૧૦૧૩૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.૪૫ વધી રૂ.૧૦૧૨૬ થયો હતો. નેચરલ ગેસ મે વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૯.૧ વધી રૂ.૨૯૩.૧ થયો હતો. નેચરલ ગેસ-મિની મે વાયદો રૂ.૯.૧ વધી રૂ.૨૯૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ મે વાયદો કિલોદીઠ રૂ.૯૯૪.૮ના ભાવે ખૂલી, રૂ.૨.૨ ઘટી રૂ.૯૯૭.૬ના સ્તરે પહોંચ્યો હતો. એલચી મે વાયદો કિલોદીઠ રૂ.૨૭૬૫ના ભાવે ખૂલી, કોઈ ફેરફાર વગર રૂ.૨૭૬૫ના સ્તરે પહોંચ્યો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૨૬૬૩.૨૪ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૧૫૫૦૬.૯૭ કરોડનાં કામકાજ

**કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૮૮૩૪.૩૧ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૯૦૦૯૨.૪૪ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૮૧૭૦.૨૧ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૮૫૦૦ પોઈન્ટના સ્તરે**




થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૨૮૦૮.૮૨ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૪૦૯.૪૮ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૮.૭૦ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૬૬૧.૦૦ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૧૫.૯૭ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૪૬૩૬.૧૯ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૨૨૬૩.૪૨ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૨.૯૬ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૦.૦૮ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૦૩૬૪ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૩૬૦૫ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૯૭૯૧ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૭૦૯૩૦ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૪૨૯૯૨ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૯૩૩૮ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૨૩૯૯ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૭૩૪૧૬ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૨૦૨૧ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૦૪૫૧ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૨૭૫૧ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ મે વાયદો ૩૮૫૦૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૮૫૦૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૮૫૦૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૫૮ પોઈન્ટ ઘટી ૩૮૫૦૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જૂન રૂ.૧૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૬.૫ ઘટી રૂ.૩૮૭.૬ થયો હતો. જ્યારે નેચરલ ગેસ મે રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૭૫ વધી રૂ.૫.૦૫ થયો હતો.

સોનું મે રૂ.૧૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૮ ઘટી રૂ.૨૪૫.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી મે રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૫૮ વધી રૂ.૨૪૦૦ના ભાવે બોલાયો હતો. તાંબું મે રૂ.૧૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૧૪ ઘટી રૂ.૩.૩ના ભાવે બોલાયો હતો. જસત મે રૂ.૪૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૩ પૈસા ઘટી રૂ.૦.૪૫ થયો હતો. મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની જૂન રૂ.૧૩૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૯.૪૫ ઘટી રૂ.૧૨૫.૩ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની મે રૂ.૨૯૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૫ વધી રૂ.૭.૦૫ થયો હતો. સોનું-મિની મે રૂ.૧૬૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૩.૫ વધી રૂ.૭૩૬ થયો હતો. ચાંદી-મિની મે રૂ.૩૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૨.૫ વધી રૂ.૪૦૧.૫ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જૂન રૂ.૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૦.૬ ઘટી રૂ.૧૬૬.૧ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ મે રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૫.૧૫ ઘટી રૂ.૭ના ભાવે બોલાયો હતો. સોનું મે રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૫ ઘટી રૂ.૩૬૯ થયો હતો. આ સામે ચાંદી મે રૂ.૨૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧ વધી રૂ.૩૭૬ થયો હતો. તાંબું મે રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૧૬ પૈસા ઘટી રૂ.૫.૯૯ના ભાવે બોલાયો હતો. જસત મે રૂ.૩૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૭૩ ઘટી રૂ.૧.૨૧ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની જૂન રૂ.૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૩.૩ ઘટી રૂ.૬૨.૬ થયો હતો. નેચરલ ગેસ-મિની મે રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૫.૧૫ ઘટી રૂ.૭.૦૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની મે રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૮.૫ ઘટી રૂ.૪૭૧ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની મે રૂ.૨૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૫ ઘટી રૂ.૩૫૨ થયો હતો.

## વીજ ગ્રાહકોને મોટો ઝટકો : ઘર બંધ હશે તો પણ આવશે મોટુ લાઈટબીલ : સરકારી કંપનીઓએ ફીકસ ચાર્જમાં કર્યો ધરખમ વધારો

પ્રતિનિધિ,ગાંધીનગર

પેટ્રોલ,ડીઝલ અને સીએનજીના વધતા જતા ભાવ વચ્ચે સામાન્ય જનતા પર મોંઘવારીનો વધુ એક મોટો પ્રહાર થવાની તૈયારી છે. સેન્ટ્રલ ઈલેકટ્રીકસીટી ઓથોરીટી (સીઈએ) એ વિજળી બીલના ફીકસ મંથલી ચાર્જમાં મોટો વધારો કરવાનો પ્રસ્તાવ મુકયો છે.




આ નવા નિયમ બાદ ગ્રાહકો ભલે એસી, પંખા બંધ રાખે કે ઘરને તાળુ મારીને બહારગામ જાય, તો પણ સરકારે નકકી કરેલી ફીકસ રકમ દર મહિને ફરજીયાત ચુકવવી જ પડશે, આજકાલ અમીર પરીવારો અને મોટી ફેકટરીઓ પોતાના ટેરેસ પર રૂફટોપ સોલર સિસ્ટમ લગાવી રહ્યા છે. જેના કારણે સરકારી વિજ વિતરણ કંપનીઓ પાસેથી વિજળીની ખરીદી ઘટી ગઈ છે.

પરીણામે સરકારી કંપનીઓની કમાણી ધોવાઈ ગઈ છે. આ નુકશાનની ભરપાઈ કરવા માટે હવે મધ્યમવર્ગ અને સામાન્ય ગ્રાહકો પર બોજો નાખવાની તૈયારી થઈ રહી છે. અહેવાલ અનુસાર વીજ કંપનીઓનો કુલ ખર્ચ જેમ કે નેટવર્ક જાળવણી, કર્મચારીઓના પગાર અને વીજ ઉત્પાદકોને પેમેન્ટમાંથી ૩૮ ટકા થી ૫૬ ટકા હિસ્સો ફીકસ કોસ્ટનો હોય છે. તેની સામે કંપનીઓને હાલ ફીકસ ચાર્જ દ્વારા માત્ર ૯ ટકા થી ૨૦ ટકા જ કમાણી થાય છે, આ ગેપ પુરો કરવા માટે તબકકાવાર ચાર્જ વધારવાનો પ્લાન છે.

ફીકસ ચાર્જ વધારીને કુલ ખર્ચના ૨૫ ટકા સુધી કરવામાં આવી શકે છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં આ ચાર્જ વધારીને ૧૦૦ ટકા સુધી કરવાનો પ્રસ્તાવ છે. જે ગ્રાહકોને ઘરે સોલર પેનલ લગાવી છે અને નેટ મીટરીંગ વાપરે છે, તેમના માટે તદ્દન અલગ ટેરીફ માળખુ લાવવાની ભલામણ કરાઈ છે. વીજ કંપનીઓનુ કહેવુ છે કે આ ગ્રાહકો સોલર ઉર્જા વાપરતા હોવા છતાં બેક-અપ તરીકે સરકારી ગ્રીડ ઈન્ફ્રાસ્ટ્રકચર નો ઉપયોગ તો કરે જ છે. તેથી તેમની પાસેથી અલગ થી ચાર્જ વસુલવો જરૂરી છે. આગામી દિવસોમાં આવનારો આ નવો નિયમ મધ્યમવર્ગના માસિક બજેટને ખોરવી નાખશે. હવે જોવાનુ એ રહેશે કે સરકાર આ પ્રસ્તાવને કયારથી અને કેટલા પ્રમાણમાં મંજુરી આપે છે.

### ઉકળતી ગરમીમાં મુસાફરોને રાહત:

## ભાવનગર મંડળના જૂનાગઢ સ્ટેશન પર નિ:શુલ્ક છાશનું વિતરણ

ભીષણ ગરમી અને વધતા તાપમાનને ધ્યાનમાં રાખીને યાત્રિયોને રાહત પહોંચાડવા માટે પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ દ્વારા જનહિતમાં વિશેષ પહેલ કરવામાં આવી છે. આ અનુક્રમે શુક્રવારે જૂનાગઢ રેલવે સ્ટેશન પર મુસાફરો માટે નિ:શુલ્ક છાશ વિતરણની વ્યવસ્થા કરવામાં આવી.

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપતાં જણાવ્યું કે જૂનાગઢ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ વિસ્તારમાં મુસાફરોને, ખાસ કરીને વરિષ્ઠ નાગરિકો, મહિલાઓ અને બાળકોને છાશ ઉપલબ્ધ કરાવવામાં આવી, જેના કારણે તેમને ઉકળતી ગરમીમાંથી નોંધપાત્ર રાહત મળી.

નિ:શુલ્ક છાશ વિતરણ સેવામાં "આયુષ હોસ્પિટલ-જૂનાગઢ"નું



સરાહનીય સહયોગ પ્રાપ્ત થયો. "આયુષ હોસ્પિટલ-જૂનાગઢ" દ્વારા યાત્રિયો માટે નિ:શુલ્ક ૨૦૦ લીટર છાશની વ્યવસ્થા કરવામાં આવી.

સ્ટેશન પર આ વ્યવસ્થાઓને સફળતાપૂર્વક અમલમાં મૂકવામાં ભાવનગર મંડળના વાણિજ્ય વિભાગના નિરીક્ષકો, ટિકિટ ચેકિંગ સ્ટાફ તથા અન્ય કર્મચારીઓએ સક્રિય ભૂમિકા ભજવી અને વિતરણ કાર્યને સુવ્યવસ્થિત તથા સુરક્ષિત રીતે પૂર્ણ કર્યું. આ પ્રસંગે મંડળ રેલ પ્રબંધક (DRM) શ્રી દિનેશ વર્માએ જણાવ્યું હતું કે, "ઉકળતી ગરમી દરમિયાન મુસાફરોને રાહત પહોંચાડવી અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. ભાવનગર મંડળ દ્વારા વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી આવી જનહિતકારી પ્રવૃત્તિઓ સતત આયોજન કરવામાં આવી રહી છે. આ પહેલ અમારી સામાજિક પ્રતિબદ્ધતા અને મુસાફર હિત પ્રત્યેની સંવેદનશીલતાનું પ્રતિબિંબ છે." ભાવનગર મંડળ દ્વારા એ સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે કે મુસાફરોને સુરક્ષિત, સુવિધાજનક અને માનવીય સેવાઓ સતત ઉપલબ્ધ રહે. ઉકળતી ગરમી દરમિયાન આ પ્રકારની રાહત સેવાઓ આગળ પણ સતત ચાલુ રાખવામાં આવશે.

## રાજકોટમાં કોલેજીયન યુવકે હોસ્ટેલ રૂમમાં જીવન ટૂંકાવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

ભાવનગર રાજકોટ હાઈવે ઉપર આવેલી આર.કે. યુનિવર્સિટીની બોયઝ હોસ્ટેલમાં અભ્યાસ કરતા ૧૯ વર્ષીય વિદ્યાર્થીએ ૧૬ મે ૨૦૨૬ ના રોજ રાત્રિના ૧૦ વાગ્યા આસપાસ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યાની ઘટના સામે આવી છે. પ્રાથમિક તપાસમાં પ્રેમસંબંધમાં થયેલા વિવાદને પગલે યુવકે આકસ્મિક પગલું ભર્યું હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું છે. ત્યારે સમગ્ર મામલે આજીડેમ પોલીસ સ્ટેશન ખાતે મ્હજીજી ની કલમ ૧૯૪ મુજબ અકસ્માત મોત રજીસ્ટર્ડ કરવામાં આવી છે. મૃતકની ઓળખ આયુષ રૂસ્તમ દરાડે તરીકે થઈ છે. જે મૂળ મહારાષ્ટ્રના પુણેનો રહેવાસી હતો અને યુનિવર્સિટીમાં ફિઝિયોથેરાપીના બીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો. આજીડેમ પોલીસના પીઆઈ હરેશ પટેલના જણાવ્યા અનુસાર આયુષ યુનિવર્સિટીની બોયઝ હોસ્ટેલના 'સી' બ્લોકના રૂમ નંબર ૭૧૫માં રહેતો હતો. શનિવારે રાત્રે આશરે ૧૦ વાગ્યાના સમયે હોસ્ટેલના અન્ય વિદ્યાર્થીઓ રૂમ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે આયુષ લટકતી હાલતમાં દેખાયો હતો. ઘટનાની જાણ થતાં આજીડેમ પોલીસ કાફલો સ્થળ પર દોડી ગયો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર આયુષનો તેની સાથે અભ્યાસ કરતી યુવતી સાથે પ્રેમસંબંધ હતો અને બે દિવસ પહેલાં બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ ઘટનાને મનમાં રાખીને યુવકે આ પગલું ભર્યું હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જો કે, પોલીસ દ્વારા આત્મહત્યા પાછળ ખરેખર પ્રેમ પ્રકરણ કારણભૂત છે કે પછી અન્ય કોઈ કારણ તે દિશામાં તપાસ કરવામાં આવી રહી છે. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી કાર્યવાહી હાથ ધરી છે. બનાવ અંગે પરિવારને જાણ કરવામાં આવતા માતા-પિતા પુણેથી રાજકોટ પહોંચ્યા હતા. સમગ્ર ઘટનાએ યુનિવર્સિટી કેમ્પસમાં શોકની લાગણી ફેલાવી છે.

## લોકભવન ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં 'ટીબી મુક્ત ભારત અભિયાન'ની સમીક્ષા બેઠક યોજાઈ

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના દેશને સંપૂર્ણપણે ટીબી મુક્ત બનાવવાના સંકલ્પને સાકાર કરવા ગુજરાત સરકાર કટિબદ્ધ છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ગરિમામય ઉપસ્થિતિમાં આજે લોકભવન ખાતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઉચ્ચ અધિકારીઓની એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રાજ્યમાં 'ટીબી મુક્ત ભારત અભિયાન' અંતર્ગત થઈ રહેલી કામગીરીની સઘન સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠક દરમિયાન રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, ગુજરાતને ક્ષયમુક્ત કરવા માટે આ અભિયાનને એક વ્યાપક જન-આંદોલનનું સ્વરૂપ આપવું જરૂરી છે. તેમણે અધિકારીઓને



ક્ષય નિયંત્રણની કામગીરીમાં સહેજ પણ ઢીલાશ ન રાખવા અને લોકોમાં મહત્તમ જાગૃતિ ફેલાવવા તાકીદ કરી હતી. આ ઉપરાંત ટી.બી.ના દર્દીઓને નશામુક્તિ અંગે જાગૃત કરવા જણાવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સ્પષ્ટ સૂચના આપી હતી કે, ટીબીના પ્રત્યેક દર્દી સુધી સમયસર અને શ્રેષ્ઠ સારવાર પહોંચે તેવી સચોટ વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવે.

બેઠકમાં રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રી સમક્ષ આરોગ્ય વિભાગ દ્વારા આગામી સમયના લક્ષ્યાંકો રજૂ કરવામાં આવ્યા હતા.

ગુજરાતમાં ટીબીનું સંપૂર્ણ નિદાન અને સારવાર તમામ સબ-સેન્ટર અને સરકારી હોસ્પિટલોમાં વિનામૂલ્યે ઉપલબ્ધ છે. હાલમાં રાજ્યમાં ૨,૩૫૧ માઈક્રોસ્કોપી સેન્ટર, ૩ અત્યાધુનિક ટીબી કલ્ચર લેબોરેટરી, ૭૪ **CBNAAT** મશીનો અને ૩૮૬ **TrueNAT** મશીનો કાર્યરત છે.

વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન રાજ્યના પ્રત્યેક તાલુકા અને વધુ ભારણ ધરાવતા જિલ્લાઓ માટે નવા ૧૦૦ **TrueNAT** મશીનો ખરીદવામાં આવશે, જેથી ૧૦૦% અપફ્રન્ટ **NAAT** ટેસ્ટિંગ સુનિશ્ચિત થાય. ઘર-ઘર જઈને સંભવિત ટીબી દર્દીઓની તપાસ કરવા માટે વધારાના ૩૩૩ પોર્ટેબલ હેન્ડ-હેલ્ડ એક્સ-રે મશીનો વસાવવામાં આવશે. આ ઉપરાંત ૪૨ કિલોથી ઓછું વજન ધરાવતા પુખ્ત દર્દીઓ અને ૧૪ વર્ષથી નાના તમામ બાળકોને ૬ મહિના સુધી 'રેડી ટુ ઈટ ન્યુટ્રીશન સ્નેક્સ' અપાશે. આ સમીક્ષા બેઠકમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી રાજીવ ટોપનો, રાજ્યપાલશ્રીના અગ્ર સચિવ શ્રી અશોક શર્મા, મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવ શ્રી ડૉ. વિક્રાંત પાંડે, તેમજ આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અનુસૂચિત જાતિના કુમાર વિદ્યાર્થીઓ માટે રૂ.૧૮ કરોડની નવી શિષ્યવૃત્તિ યોજનાને સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉ.પ્રદ્યુમન વાજાની મંજૂરી

**પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ હેઠળ વાર્ષિક રૂ. ૨.૫૦ લાખથી રૂ. ૬.૦૦ લાખ સુધીની આવક ધરાવતા અનુસૂચિત જાતિના પરિવારોના ૩ હજાર કુમાર વિદ્યાર્થીઓને મળશે સીધો લાભ**

ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના શૈક્ષણિક ઉત્કર્ષ માટે એક અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન તથા સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉ.પ્રદ્યુમન વાજાના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૬-૨૭ અંતર્ગત અનુસૂચિત જાતિના કુમાર વિદ્યાર્થીઓ માટે રૂ. ૧૮ કરોડની નવી શિષ્યવૃત્તિ યોજનાને વહીવટી મંજૂરી આપી છે, તેમ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની યાદીમાં જણાવાયું છે.અખબારી યાદીમાં જણાવ્યા મુજબ, અત્યાર સુધી માત્ર રૂ.૨.૫૦ લાખ સુધીની વાર્ષિક આવક મર્યાદા ધરાવતા અનુસૂચિત જાતિના કુમાર વિદ્યાર્થીઓને જ કેન્દ્ર પુરસ્કૃત યોજનાનો લાભ મળવાપાત્ર હતો. જોકે, મધ્યમ વર્ગના પરિવારોના હિતને ધ્યાને રાખી મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ આ આવક મર્યાદા વધારીને ?૬.૦૦ લાખ કરવાનો સંવેદનશીલ નિર્ણય લીધો છે. હવે રૂ.૨.૫૦ લાખથી રૂ.૬.૦૦ લાખ સુધીની આવક ધરાવતા અનુસૂચિત જાતિના કુમાર વિદ્યાર્થીઓને પણ રાજ્ય ફંડમાંથી શિષ્યવૃત્તિ આપવામાં આવશે, જેનાથી આ વર્ષે અંદાજે ૩,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ લાભાન્વિત થશે. આ યોજના "કેન્દ્ર સરકારશ્રીની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના"ની ગાઈડલાઈન મુજબ જ અમલી બનશે. આ સાથે પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને એકેડેમિક એલાઉન્સ તેમજ માન્ય નોન-રીફન્ડેબલ ફી ચૂકવવામાં આવશે. શિષ્યવૃત્તિની આ સહાય સીધી જ વિદ્યાર્થીઓના બેંક ખાતામાં **Direct Benefit Transfer -DBT** પદ્ધતિથી જમા કરવામાં આવશે.

★શિષ્યવૃત્તિ યોજનાની મુખ્ય શરતો અને પાત્રતાના ધોરણો

- ધોરણ-૧૦ અથવા ૧૨ પછીના ડિપ્લોમા કક્ષાના અભ્યાસક્રમો માટે ધોરણ-૧૦ અથવા ૧૨ની પરીક્ષામાં ૫૦% કે તેથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળશે. સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે ધોરણ-૧૨માં ૫૦% કે તેથી વધુ ગુણ હોવા જરૂરી છે. આ ઉપરાંત, ઉચ્ચ અભ્યાસ માટે ડિગ્રી કે ડિપ્લોમા સ્તરે પણ ૫૦% કે તેથી વધુ માર્ક્સનું ધોરણ જાળવવાનું રહેશે.
- યોજના અંતર્ગત અરજી કરવાથી લઈને મંજૂરી આપવા સુધીની તમામ પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઈન રહેશે. નાણાકીય સહાય માટે નિયત સમયાંતરે **DBT** પદ્ધતિ, **DBT** પોર્ટલ તેમજ **C.M. Dash-board** અપનાવવાનું રહેશે. જો સાધન કે કીટ આપવાના કિસ્સા ઊભા થાય, તો તેની ખરીદી ઘીસ મારફતે જ કરવાની રહેશે.
- આ યોજનાનો લાભ અંદાજપત્રીય જોગવાઈ અને નિયત થયેલા લાભાર્થીઓની સંખ્યા - ૩,૦૦૦ કુમાર વિદ્યાર્થીઓની મર્યાદામાં જ ચૂકવવાનો રહેશે, જેની સંપૂર્ણ તકેદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે રાખવાની રહેશે. આ યોજનાના યોગ્ય મોનીટરીંગ માટે સમયાંતરે સોશિયલ ઓડિટ અને થર્ડ પાર્ટી વેરિફિકેશન કરાવીને તેનો અહેવાલ રાજ્ય સરકારને રજૂ કરવાનો રહેશે.

- પ્રિન્સ ચાવલા

**પશ્ચિમ રેલ્વે**

ટેકટાઈલ ટાઇલ્સ અને ચેતવણી બ્લોક્સ

ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે, છઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008 આમંત્રણ આપે છે. ટેન્ડર સૂચના નંબર: BCT/26-27/36 તા. 14/05/2026. કામ અને સ્થાન: ચર્ચગેટવિરાર-સેક્શન-દિવ્યાંગજન વ્યક્તિઓને સુવિધાઓ માટે હાલના FOBs અને સીડી કેસ પર ટેકટાઇલ ટાઇલ્સ અને ચેતવણી બ્લોક્સ, ડબલ હાઇટ ગ્રેબ રેલ્સ, બ્રેઇલ સાઇનેજ પૂરા પાડવા. કામનો અંદાજિત ખર્ચ ₹5,57,41,364.60. E M D : ₹1114800.00. સબમિટ કરવાની તારીખ અને સમય: તા.09.06.2026 ના 15.00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા. 09.06.2026 ના રોજ 15.30 કલાકે. ટેન્ડર વેબસાઇટ www.ireps.gov.in પર જોઈ શકાય છે. 0111

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**

સમારકામ કાર્ય

ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે, છઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-400008. સિનિયર નં.: 1. ટેન્ડર સૂચના નં.: BCT/26-27/34 તા. 12.05.2026. કાર્ય અને સ્થાન: ચર્ચગેટ-વિરાર વિભાગ:- સિનિયર DEN (S) વિભાગ દ્વારા અને લોકલ લાઇનો પર ટિમ્બલ ગેડો વોર્સીસ ટ્રોલી સિસ્ટમનો ઉપયોગ કરીને પૂર્વ અને પોસ્ટ ટેમ્પિંગ ટ્રેક માપન સર્વે. કાર્યનો અંદાજિત ખર્ચ: ₹ 63,96,727.00. E M D : ₹1,27,900.00. ક્રમ નં.: 2. ટેન્ડર સૂચના નં.: BCT/26- 27/35 તા. 12.05.2026. કાર્ય અને સ્થાન: ચર્ચગેટ-વિરાર વિભાગ:- SSE (P. Way) ભાયંદર વિભાગ હેઠળ P. Way નું સમારકામ. આશરે. કામનો ખર્ચ: ₹3,62,68,398.45. EMD: ₹7,25,400.00. બંને ટેન્ડર રજૂ કરવાની તારીખ અને સમય: તા.09.06.2026 ના રોજ બપોરે 15.00 કલાક સુધી. બંને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: તા.09.06.2026 ના રોજ બપોરે 15.30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0104

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે-રતલામ**

"ઈ-ટેન્ડર સૂચના"

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના વતી કાર્યરત DRM (S&T) વર્ક્સ રતલામ નીચેના કામ માટે ઇ-ટેન્ડર મંગાવી રહ્યા છે: ટેન્ડર નંબર SnT_RTM_26_07_R_SIGNAL તારીખ 15.05.2026. કામનું નામ: નિમાચ-ચિત્તોડગઢ ડબલ લાઇન સેક્શન પર શંભુપુરા-ગંભીરી રોડ સ્ટેશનો વચ્ચે ઇન્ટરમીડિયેટ બ્લોક સિગ્નલિંગ (IBS) ની જોગવાઈ માટે બાકી રહેલા કામના સંદર્ભમાં S&T સામગ્રીનો પુરવઠો, સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગ. ટેન્ડરની જાહેરાત કિંમત: ₹1,04,85,790.32/-. બિડ સુરક્ષા/કમાણી રકમ: ₹209,700.00/-. પૂર્ણતા સમયગાળો: 9 મહિના. બિડ બંધ કરવાનો સમય અને તારીખ: 08/06/2026 ના રોજ 15.00 કલાકે. બિડ ખોલવાનો સમય અને તારીખ: 08/06/2026 ના રોજ 15.30 કલાક પછી ટેન્ડરિંગ વિભાગ ઓફિસ ઇન્ચાર્જ અને બિડ ખોલવાનું સ્થળ: સિનિયર DSTE રતલામ, DRM ઓફિસ રતલામ M.P. ટેન્ડર ઓનલાઈન ઈ-ટેન્ડર પોર્ટલ www.ireps.gov.in પર જોઈ શકાય છે અને ઓફર તે જ ઈ-ટેન્ડર પોર્ટલ પર સબમિટ કરવાની રહેશે. 0057

અમને લાઈક કરો: facebook.com/WesternRly

### સિસ્ટમ પર થઈ રહ્યા છે સવાલો ત્યારે!!

# NEETના પેપર લીકના કારણે દેશના આશાસ્પદ યુવાનો આત્મહત્યાથી ટૂંકાવી રહ્યા છે જીવન?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

દેશમાં આજે એવો સમય ચાલી રહ્યો છે કે "ભ્રષ્ટાચાર એ જ શિષ્ટાચાર" નું સૂત્ર હવે ભ્રષ્ટાચારીઓના કોઠે પડી ગયું છે. અને એને લઈ સામેના નું જે થવાનું હોય એ થાય મારૂ તરભાણું ભરાવું જોઈએ એવી મેલી મથરાવટીને કારણે શિક્ષણ જગતમાં ઉધઈની માફક ફેલાઈ રહેલા શિક્ષણ માફિયાઓ હવે આખે આખા પરીક્ષાના પેપરો જ હાઈજેક કરી લેતા દેશના લાખો યુવાનોની જિંદગીને જ બરબાદ કરી રહ્યા છે એમ કહેવું અતિશયોક્તિ ભરેલું તો નહીં જ કહેવાય. કારણ NEET-UG પરીક્ષા રદ થવાથી એના જે ગંભીર પરિણામો આવ્યા છે એને લઈ કેટલા યુવાનોએ કરેલી આત્મહત્યાઓએ શિક્ષણ જગતની સૌથી મોટી શરમજનક ઘટના કહેવાય અને છતાંય કોઈના પેટનું પાણી પણ ના હાલે એ આ દેશના બેશરમ રાજનેતાઓ માટે સૌથી મોટી બેશરમી સિવાય કંઈ નથી. જેવી NEET-2026 ની પરીક્ષા રદ થયાના સમાચારોના થોડા દિવસો પછી એટલે કે શુક્રવારે રાજસ્થાનના સીકરમાં ૨૩ વર્ષીય NEET ના ઉમેદવાર પ્રદીપ મહિચે સીકરના જલધારીનગર વિસ્તારમાં પિપરાલી રોડ પર તેના ભાડાના મકાનમાં છતના પંખાથી લટકીને આત્મહત્યા કરી હતી. મૂળ ઝુન ઝુન જિલ્લાના એક ગામનો રહેવાસી, પ્રદીપ છેલ્લા ત્રણ વર્ષથી સીકરમાં NEETની તૈયારી કરી રહ્યો હતો.જેનો હવે અંત આવ્યો હતો. અન્ય કિસ્સામાં લખીમપુર ખેરીના ૨૧ વર્ષીય વિદ્યાર્થી રિતિક મિશ્રાએ ગુરુવારે કથિત રીતે આત્મહત્યા કરી હતી, તેમના પરિવારે જણાવ્યુ હતું કે પેપર લીક થવાના કારણે NEET-UG પરીક્ષા રદ થવાથી તે દુઃખી હતો અને અંતે જીવન ટૂંકાવી દીધુ. આમ પરીક્ષાની ગેરરીતિઓના કારણે દેશનું આશાસ્પદ યુવાધન પોતાનું જીવન ટૂંકાવી રહ્યું હોવા છતાં સરકારી તંત્ર દરેક સમયે તપાસમાં નિષ્ફળ જ રહેતું હોવાથી "વર્ષ ૨૦૧૫ થી ૨૦૨૬ સુધીમાં ૧૪૮ પેપર કૌભાંડો થયા અને ૮૭ પરીક્ષાઓ રદ કરવામાં આવી અને નવ કરોડ બાળકોના ભવિષ્યને અસર થઈ." જ્યારે ૧૪૮ કૌભાંડો માંથી ફક્ત ૧ માં સજા થઈ. CBI એ ૧૭ કેસ લીધા, ED એ ૧૧ કેસ કર્યા કોઈને સજા થઈ નહીં કે કોઈ જવાબદાર મંત્રીએ રાજીનામું આપી ઈમાનદારી બતાવી હોય? મેરા ભારત મહાન.

### પોલીસની નિષ્ક્રિયતાને "પાપે" ૮ નરાધમોના

# "ગેંગ રેપ" નો ભોગ બનેલી જોધપુરની બે બહેનોએ કરી આત્મહત્યા

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

આપણે રૂપાળા સુત્રો દ્વારા મહિલાઓની સુરક્ષાઓની અખબારોની જાહેરાતોમાં માત્ર વાતો જ કરીએ ત્યારે દેશની વાસ્તવિકતા કંઈક અલગ જ ચિત્ર બતાવી રહી છે. હાલની જો વાસ્તવિક પરિસ્થિતિ જોવા જઈએ તો રોજે રોજ મહિલાઓ ઉપર બળાત્કારો, છેડતી, મહિલાઓને સળગાવી દેવી, માર મારવો અને એમના વિશે ભદ્દા મેસેજ મુકવા વિગેરે વિગેરે સામાન્ય બની રહ્યા છે. ત્યારે એટલું જ નહીં પરંતુ આવી ગંભીર ઘટના પછી પણ પોલીસ જ્યારે મહિલાઓના કેસમાં ઉદાસીન અને નિષ્ક્રિય રહેતી હોય ત્યારે મહિલાઓને મરવા મજબુર થવું પડતું હોય છે. અહીં વાત છે રાજસ્થાનના જોધપુરના એક ગામમાં ૮ નરાધમોના કથિત ગેંગરેપનો ભોગ બનેલી એક મહિલાએ ગેંગરેપને કારણે આત્મહત્યા કરીને મોતને વ્હાલું કર્યું હતું. અને આ મહિલાના મૃત્યુ બાદ બે મહિના પછી શુક્રવારે તેની બહેનને પણ આત્મહત્યા કરવાનું પગલું ભરવાની ફરજ પડી હતી. આ ગંભીર ઘટના અંગે મરનાર બંને બહેનોના પરિવારે આરોપ લગાવ્યો હતો કે, પોલીસની નિષ્ક્રિયતાને કારણે તેમણે બીજી પુત્રી ગુમાવવાનો વારો આવ્યો છે. આ બાબતે ૧૧ એપ્રિલના રોજ દાખલ કરાયેલી પોલીસ ફરિયાદમાં મહિલાએ આરોપ લગાવ્યો હતો કે, મહિપાલ નામના એક સેવા કેન્દ્ર સંચાલક દ્વારા તેની મોટી બહેન પર અન્યાય કરી ગુપ્ત રીતે તેના અશ્લીલ વિડીયો બનાવ્યા હતા. ફરિયાદમાં કુલ આઠ આરોપીઓના નામ આપવામાં આવ્યા હતા. જેમણે વર્ષો સુધી ધમકીઓ આપીને મોટી બહેન પર કથિત રીતે ગેંગરેપ કર્યો હતો.

જ્યારે NDTV ના અહેવાલ મુજબ બીજી બહેને ફરિયાદમાં કહ્યું હતું કે તેઓએ માત્ર તેની બહેન પર જાતીય હુમલો જ નહીં પરંતુ તેની બહેન પાસેથી પૈસા પણ પડાવી લીધા હતા. આથી વ્યથિત થઈને તેણીએ ૨૦મી માર્ચે આત્મહત્યા કરીને મૃત્યુ પામી. ફરિયાદના આધારે FIR નોંધવામાં આવી હોવા છતાં કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી ન હતી. અને ત્યારબાદ આરોપીઓએ નાની બહેનને નિશાન બનાવવાનું શરૂ કર્યુ પોલીસ દ્વારા રક્ષણ કે કોઈ કાર્યવાહી ન મળતા નાની બહેન શુક્રવારે ટાંકી ઉપર ચઢી ગઈ અને ઝેર પી લીધું. ઘટના બાદ જોધપુર પોલીસે જણાવ્યું હતું કે, મહિપાલ અને અન્ય એક આરોપીની અટકાયત કરવામાં આવી છે.

# રાજકોટ સોની બજારના વેપારીઓને બોણીના પણ ફાંફાં: ૭૦ ટકા કારીગરો વતનમાં રવાના

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



ઈરાન યુદ્ધના કારણે સોના ચાંદીના ભાવો ભડકે બળી રહ્યા છે અને તેને કારણે શહેરની સોની બજારમાં મંદી પ્રવર્તી રહી છે. રાજકોટના સોની બજારમાં વેપારીઓને સવારમાં બોણીના પણ ફાંફાં પડી રહ્યા છે અને સોનાના દાગીના બનાવનાર બંગાળના કારીગરોએ વતનની વાટ પકડી છે. જો આવીને આવી પરિસ્થિતિ રહેશે તો કેટલીય દુકાનોના શટરો પડી જવાની શકયતા વ્યકત કરવામાં આવી રહી છે. રાજકોટ ગોલ્ડ ડીલર્સ એસોસીએશનના પ્રમુખ ભાયાભાઈ સાહોલીયાએ ગરવી ગુજરાત સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે રાજકોટ સોની બજારમાં અંદાજે નાની મોટી ૧૦ થી ૧૨ હજાર જેટલી દુકાનો આવેલી છે અને પેલેસ રોડ, સોની બજાર, યુનિ. રોડ અને મવડી રોડ જેવા વિસ્તારોમાં આશરે ૮૦૦ થી ૧૦૦૦ જેટલા સોના ચાંદીના દાગીનાના શો-રૂમ આવેલા છે. પણ હાલ ભાવની ઉથલ પાથલ અને બાદમાં સોનાના દાગીના નહી ખરીદવાની અપીલના પગલે આ શો-રૂમના માલીકો, સેલ્સમેનો નવરાધુપ થઈ ગયા છે, મોટા મોટા શો-રૂમ ધરાવનાર માલીકોને સ્ટાફ તથા અન્ય ખર્ચાઓ કાઢવા માટે ભારે મુશ્કેલી સર્જાઈ છે અને સમય જતાં વધુ મુશ્કેલીઓનો સામનો કરવો પડશે તેવા સંકેત મળી રહ્યા છે. સોની બજાર ઉપરાંત શો-રૂમોમાં પણ મોટી ખરીદીની લાંબા સમયથી બ્રેક લાગી ગઈ છે. રાજકોટ માં સોનાના દાગીના બનાવનાર મોટા ભાગના બંગાળના કારીગરો કાર્યરત હતા અને તેની સંખ્યા અંદાજે ૧ થી ૧.૫૦ લાખ જેટલી હતી.

તેમાંથી ૭૦ ટકા કારીગરો રાજકોટ છોડી વતન બંગાળ તરફ ચાલ્યા ગયા છે. કારણ કે દાગીનાનુ કામ હાલ ૭૦ ટકા થી વધુ ઘટી ગયુ છે. એટલે કે કારીગરોને કામ પુરતા પ્રમાણમાં મળતુ નથી, તેથી તેઓને ખર્ચા, ભાડા વિગેરે કાઢવા માટે અત્યંત કઠીન થયુ છે. આવી સ્થિતિમાં રાજકોટમાં રહેવુ પરવડી શકે તેમ નથી. આથી મોટાભાગના કારીગરો બંગાળ તરફ ચાલ્યા ગયા છે.

# ભુપેન્દ્ર પટેલની સરકારના એક નિર્ણયથી ગુજરાતની જનતા પર રૂ.૬ હજાર કરોડનો બોજો આવશે: શકિતસિંહ ગોહિલ

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાત કેબિનેટમાં ખાનગી કંપની પાસેથી વિજળી ખરીદીના બેઝ રેટ માં વધારાને લઈને ચર્ચા વચ્ચે, રાજય સભાના સાંસદ અને ગુજરાત કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખ શકિતસિંહ ગોહિલે રાજય સરકાર પર ખુબ જ ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે દાવો કર્યો છે કે જો સરકાર વિજળી ખરીદીના બેઝ રેટમાં વધારો મંજુર કરશે તો ગુજરાતની જનતા પર અંદાજે ૬ હજાર કરોડ રૂપીયાનો વધારાનો આર્થિક બોજ પડશે.

શકિતસિંહ ગોહિલે એવો દાવો કર્યો છે કે મળેલી માહિતીના આધારે રાજય સરકારને અપીલ કરતા જણાવ્યુ હતુ કે મુખ્યમંત્રી અને કેબિનેટ કોઈ એવો નિર્ણય ન લે જેનાથી સામાન્ય જનતા પર આ મોંઘવારીના સમયમાં ભારણ વધે, તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે સરકારના ઉર્જા વિભાગ તરફથી પણ ખાનગી કંપની જે બેઝ રેટ માંગે છે તે સ્વીકારવો યોગ્ય નહી હોવાનુ કહેવામાં આવ્યુ છે.

તેમણે વધુમાં કહ્યુ હતુ કે જો ખાનગી કંપનીને માંગ્યા મુજબનો બેઝ રેટ આપવામાં આવશે તો તેની સીધી અસર વિજળીના ખર્ચ પર પડશે અને આખરે તેનો બોજ સામાન્ય લોકો પર આવશે, ગોહિલના જણાવ્યા મુજબ સરકાર આ મામલે સુપ્રિમ કોર્ટના નિવૃત્ત જજ ના અભિપ્રાયના આધારે નિર્ણય લેવાની તૈયારીમાં છે. કોંગ્રેસ નેતાએ આક્ષેપ કર્યો હતો કે સરકાર ખાનગી કંપનીને ફાયદો પહોચાડે તેવો નિર્ણય લઈ શકે છે,

તેમણે મુખ્યમંત્રીને ખુલ્લેઆમ કેમેરા સામે આવીને એવી સ્પષ્ટતા કરે કે, ગુજરાત સરકાર હાલ વિજળી કંપનીઓના બેઝ રેટ વધારવા અંગેનો કોઈ નિર્ણય લેવા જઈ રહી નથી, હવે આ મુદ્દે રાજયની રાજનીતી ગરમાઈ છે અને કેબિનેટ બેઠકના સત્તાવાર બ્રિફીંગ પર સૌની નજર ટકેલી છે કે તેમાં કેવી સ્પષ્ટતા કરવામાં આવે છે.

# ગુજરાતમાં વાવ-થરાદ જિલ્લો નવો અસ્તિત્વમાં આવ્યો પરંતુ વાવ-થરાદ જિલ્લામાં બદલી માંગનાર પોલીસકર્મીઓ સાથે કેમ અન્યાય?

પ્રતિનિધિ,ગાંધીનગર




રાજય સરકાર દ્વારા વાવ-થરાદ જિલ્લાને નવુ અસ્તિત્વ આપી જિલ્લામાં વડી કચેરીઓ ધમધમતી કરી છે. જેનો જશ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી લઈ રહ્યા છે. પરંતુ નવાઈની વાત એ છે કે નવો અસ્તિત્વમાં આવેલ વાવ-થરાદ જિલ્લાના કેટલાક પોલીસકર્મીઓ વરસોથી અમદાવાદ, સુરત, ભરૂચ, રાજકોટ સહિતના જિલ્લાઓમાં સેવા બજાવી રહ્યા છે. આ પોલીસકર્મીઓના પરીવારજનો છેલ્લા કેટલાય વરસોથી પોતાના વ્હાલસોયા લાડકવાયા દિકરાને જિલ્લામાં બદલીથી લાવવા માટે મંત્રીઓથી લગાડી ધારાસભ્યોની ભલામણો કરાવી કંટાળી ગયા છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ નવનિયુકત પોલીસકર્મીઓમાં જોડાનાર લોકરક્ષકદળ ના જવાનોને નિમણુંક પત્ર આપતી વખતે પોલીસકર્મીઓ પોતાના જિલ્લામાં પ્રથમ ફરજ બજાવવા સાથેના નિમણુંકપત્રો આપવામાં આવ્યા હતા. વાવ-થરાદ જિલ્લાના પોલીસકર્મીઓ વરસોથી રાજયના ખુણે ખુણે ફરજ બજાવી રહ્યા છે. આ પોલીસકર્મીઓ સાથે ગૃહ વિભાગ દ્વારા કેમ ઓરમાયુ વર્તન દાખવવામાં આવી રહ્યુ છે. તે એક મોટો સવાલ ઉઠી રહ્યો છે. આ વાવ-થરાદ જિલ્લાના વતની એવા પોલીસ જવાનો છેલ્લા કેટલાય વરસોથી માદરે વતન આવવા માટે બદલીથી માંગણી કરી રહ્યા છે. તેમ છતાં નાયબ મુખ્યમંત્રી દ્વારા માનવીય અભિગમ કેમ અપનાવવામાં આવતો નથી તે એક મોટો સવાલ પોલીસકર્મીઓના પરીવારજનોમાં ઉઠી રહ્યો છે.

આ અંગે રાજયના ડીજીપી કે એલ એન રાવ ને પુછવામાં આવતા તેઓશ્રીએ જણાવ્યુ હતુ કે પોલીસકર્મીઓની બદલી માટે કમિટી બેસાડવામાં આવનાર છે આ કમિટીમાં નિર્ણય લેવાશે, કમિટી કયારે બેસશે તે અંગેના સવાલના જવાબમાં ડીજીપીએ કહ્યુ હતુ કે પોલીસ મહાનિરીક્ષક એડમીન દ્વારા નિર્ણય લેવામાં આવે છે. પોલીસકર્મીઓની બદલી માટે કમિટી બેસાડવાનો નિર્ણય ડીજીપી દ્વારા લેવામાં આવતો હોય છે તેવુ લોકમુખે ચર્ચાઈ રહ્યુ છે. ત્યારે કમિટી બેસાડવાની જવાબદારી પોલીસ મહાનિરીક્ષક એડમીન પાસે હોવાનુ કહેવામાં આવતા ચર્ચાનો વિષય બનેલ છે. લોકમુખે ચર્ચાયેલ મુજબ પૂર્વ ડીજીપી ની નિવૃત્તિ બાદ હજુ સુધી કમિટી બેસાડવામાં આવી નથી. જેને લઈ જિલ્લા ફેરબદલી માંગનાર પોલીસકર્મીઓમાં નારાજગી વર્તાઈ જવા પામી છે.

# ગુજરાતમાં આઈપીએસ અધિકારીઓની મોટા પાયે બદલીની તૈયારી: આઈપીએસ બદલીઓ બાદ પોલીસકર્મીઓની બદલીનો તખ્તો તૈયાર

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાતમાં ટુંક સમયમાં પોલીસ વિભાગમાં મોટા પાયે ફેરબદલી થવાની શકયતા વ્યકત કરવામાં આવી રહી છે. રાજય સરકાર દ્વારા સીનીયર આઈપીએસ અધિકારીઓની કામગીરી અને હાલની ખાલી જગ્યાઓને ધ્યાનમાં રાખીને નવી બદલી પ્રક્રિયા હાથ ધરાઈ શકે છે. પોલીસ વિભાગના સુત્રોએ જણાવ્યુ હતુ કે આઈપીએસ અધિકારીઓની બદલીઓ બાદ પોલીસ કર્મીઓની આંતર જિલ્લા ફેરબદલીનુ લાંબુ લીસ્ટ બહાર આવી શકે છે. મળતી માહિતી મુજબ કેટલાક શહેરોમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ પૂર્ણ થયા બાદ હવે પ્રશાસનિક ફેરફારોને ગતિ આપવામાં આવી રહી છે. સુરક્ષા વ્યવસ્થા વધુ મજબુત બને અને કાયદો વ્યવસ્થા અસરકારક રીતે જળવાઈ રહે તે માટે અનુભવી અધિકારીઓને મહત્વપૂર્ણ પોસ્ટીંગ આપવામાં આવે તેવી શકયતા છે. રાજયના અનેક પોલીસ કમિશ્નર રેટ અને જિલ્લા પોલીસ તંત્રમાં લાંબા સમયથી ફરજ બજાવતા અધિકારીઓની બદલી થવાની સંભાવના છે. સાથે જ કેટલાક આઈપીએસ અધિકારીઓને પ્રમોશન બાદ નવી જવાબદારીઓ પણ સોંપાઈ શકે છે. સુત્રોના જણાવ્યા પ્રમાણે ચાલુ મહિનાના અંત સુધીમાં સરકાર દ્વારા સત્તાવાર ટ્રાન્સફર ઓર્ડર જાહેર કરવામાં આવી શકે છે. આ બદલીઓમાં કાયદો વ્યવસ્થા, ક્રાઈમ કંટ્રોલ અને પ્રશાસનિક કાર્યક્ષમતાને મુખ્ય આધાર બનાવવામાં આવશે. રાજકોટ, અમદાવાદ, વડોદરા અને સુરત જેવા શહેરોમાં નવા અધિકારીઓની નિમણુંકને લઈને પોલીસ વિભાગમાં ચર્ચાઓ તેજ બની છે. જો કે સરકાર તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

# સુરતમાં ભાજપના યુવા નેતાની જાહેરમાં હત્યા : જય દલાલ ભાજપના ડીંડોલી વોર્ડ યુવા મોરચાના ઉપપ્રમુખ હતા

પ્રતિનિધિ,ગાંધીનગર



સુરત શહેરના ઉધના રોડ નંબર ૬ વિસ્તારમાં ભાજપ સાથે સંકળાયેલા યુવા કાર્યકર જય દલાલ ની જાહેરમાં તીક્ષ્ણ હથિયારો વડે હત્યા કરવામાં આવતા શહેરમાં ચકચાર મચી જવા પામી છે.

જય દલાલ ભાજપના ડીંડોલી વોર્ડ યુવા મોરચાના ઉપપ્રમુખ તરીકે સક્રિય હતા અને ધારાસભ્ય સંગીતાબેન પાટીલના નજીકના કાર્યકર ગણાતા હતા. મમ્મી, હું મોડો આવવાનો છું, મૃતકની માતા જયશ્રીબેન દલાલે રડતા રડતા જણાવ્યુ હતું કે મારો દિકરો રાત્રે ઘરે હતો, મિત્રનો ફોન આવતા તેણે કહ્યુ કે મમ્મી, હું મોડો આવવાનો છું, જમવાનુ નહી કરૂ, ત્યારબાદ મધરાતે ફોન આવ્યો કે જય પર હુમલો થયો છે અને તેને હોસ્પિટલ ખસેડાયો છે. માતાના જણાવ્યા મુજબ હોસ્પિટલ પહોચ્યા બાદ જય માત્ર મમ્મી ને ફોન કરો એટલુ જ કહી શકયો હતો, પરીવારે મિલીન ચકલી અને પંકજ પાટીલ સહિત ૩ લોકો પર હત્યાનો આરોપ લગાવ્યો છે. માતાએ દાવો કર્યો છે કે આરોપીઓ અગાઉ પણ ગુન્હાહીત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા હતા અને તાજેતરમાં જ જેલમાંથી બહાર આવ્યા હતા. તેમણે આરોપીઓને કડકમાં કડક સજા, ફાંસીની સજા આપવાની માંગ કરી છે. ઘટનાને પગલે સુરત પોલીસ દ્વારા આરોપીઓને ઝડપી લેવા માટે તાત્કાલીક તપાસ શરૂ કરવામાં આવી છે. સુરત શહેરમાં કાયદો અને વ્યવસ્થાને લઈ લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. સુરત શહેર એ નાયબ મુખ્યમંત્રીનુ કહેવા છતાં શહેરમાં કાયદો અને વ્યવસ્થા કથળી છે તેને લઈ સવાલો ઉઠી રહ્યા છે.

# ગુજરાતના શિક્ષણની મોડલની ખુલી પોલ: રાજયની ૨૯૩૬ શાળાઓ માત્ર ૧ શિક્ષકના ભરોસે

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાતની શિક્ષણ વ્યવસ્થા અંગે નીતિ આયોગનો એક ચોંકાવનારો અહેવાલ બહાર આવ્યો છે. વર્ષ ૨૦૨૪-૨૫ માટે પ્રકાશિત આ અહેવાલ રાજયની સરકારી શાળાઓની નિરાશાજનક તસ્વીર ઉજાગર કરે છે. અહેવાલ મુજબ ગુજરાતમાં ૨૯૩૬ શાળાઓ ફકત એક જ શિક્ષકના ભરોસે ચાલી રહી છે. આ શાળાઓમાં કુલ ૧૦૫.૧૩૪ બાળકો અભ્યાસ કરે છે, જે શિક્ષણની ગુણવત્તા અંગે ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. રીપોર્ટમાં એ પણ પ્રકાશિત કરવામાં આવ્યુ છે કે રાજયની શિક્ષણ વ્યવસ્થા સંપૂર્ણપણે અસંતુલિત દેખાય છે. ૬૩ શાળાઓ એવી છે જયાં આ વરસે એકપણ બાળક નોંધાયુ નથી, જયારે ૭૮ અન્ય શાળાઓમાં વિદ્યાર્થીઓ ન હોવા છતાં શિક્ષકોની નિમણુંક કરવામાં આવી છે. આ આંકડા શિક્ષણ વિભાગમાં વહિવટી વિસંગતતાઓને ઉજાગર કરે છે. નીતિ આયોગના અહેવાલ મુજબ ગુજરાતમાં વિદ્યાર્થી-શિક્ષક ગુણોત્તર પણ ચિંતાનો વિષય છે. પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં દર ૨૪ વિદ્યાર્થીઓ માટે ૧ શિક્ષક, માધ્યમિક શાળાઓમાં દર ૨૭ વિદ્યાર્થીઓ માટે ૧ શિક્ષક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં દર ૨૫ વિદ્યાર્થીઓ માટે ૧ શિક્ષકનો રેકોર્ડ થયેલ ગુણોત્તર છે. અહેવાલમાં જણાવાયુ છે કે રૂપીયા ૬૩,૧૩૪ કરોડના શિક્ષણ બજેટ અને સરકારના મોટાપાયે પ્રવેશોત્સવ અભિયાનો છતાં રાજયની શિક્ષણ પ્રણાલી સંતુલન પ્રાપ્ત કરવામાં નિષ્ફળ ગઈ છે. દર વરસે મંત્રીઓ અને અધિકારીઓ શાળા નોંધણીને પ્રોત્સાહન આપવા માટે પ્રવેશોત્સવ દ્વારા ઝુંબેશ ચલાવે છે. જો કે જમીન પર પરિસ્થિતિ ગંભીર છે.સૌથી મોટી ચિંતા આ એકલ શિક્ષક શાળાઓ પર કેન્દ્રીત છે. જયાં એકલા શિક્ષકને બહુવિધ વર્ગો અને વિષયોની જવાબદારી ઉપાડવાની ફરજ પાડવામાં આવે છે. શિક્ષણ નિષ્ણાંતો માને છે કે આ બાળકોના શિક્ષણની ગુણવત્તા પર પ્રતિકુળ અસર પડે છે અને ગ્રામિણ વિસ્તારોમાં શિક્ષણનુ સ્તર સતત બગડી રહ્યુ છે. નીતિ આયોગના આ અહેવાલે ગુજરાતમાં વિપક્ષને સરકારને ઘેરવાની વધુ એક તક પુરી પાડે છે. પરીણામે સમગ્ર વિપક્ષ હાલમાં આ મુદ્દા પર વહિવટ પર આક્રમક હુમલાઓ શરૂ કરી રહ્યો છે. કોંગ્રેસ પાર્ટીએ આરોપ લગાવ્યો છે કે પ્રર્વતમાન પરિસ્થિતિ હોવા છતાં ગુજરાત સરકારે ૫ હજાર થી વધુ શાળાઓ બંધ કરવાની યોજના બનાવી રહી છે. આ સંદર્ભમાં નીતિ આયોગના આ અહેવાલને ગુજરાત સરકાર માટે એક મોટી ચેતવણી તરીકે જોવામાં આવી રહી છે. કારણ કે લાખો બાળકોનુ ભવિષ્ય પુરતા શિક્ષકો અને સંશાધનો વિના આગળ વધી રહ્યુ છે.

# જુનાગઢ ભાજપમાં આંતરીક ભડકો: ભાજપના ધારાસભ્યએ જ મનપાના ભ્રષ્ટાચાર સામે ખોલ્યો મોરચો

પ્રતિનિધિ,ગાંધીનગર

જુનાગઢ ભાજપમાં આંતરીક ભડકો બહાર આવ્યો છે. ભાજપના જ ધારાસભ્ય સંજય કોરડીયાએ મહાનગરપાલિકાના ભ્રષ્ટ વહિવટ સામે મોરચો ખોલ્યો છે. કમિશ્નરને લખેલા પત્રમાં તેમણે રોડના કામોમાં મોટા કૌભાંડોના આક્ષેપો કર્યા છે. કોરડીયાના જણાવ્યા મુજબ નકશા અને પ્લાન એસ્ટીમેટ વગર જ કરોડોના ટેન્ડર પાસ કરવામાં આવ્યા છે. જુનાગઢ શહેરમાં અનેક સ્થળોએ રોડ ખોદીને કામ અધુરુ મુકાતા જનતા ખાડારાજ થી પરેશાન બની છે. અધિકારીઓ અને કોન્ટ્રાકટરો વચ્ચે મીલીભગત હોવાના પણ ગંભીર આક્ષેપ કરાયા છે.

અયોગ્ય એજન્સીને બ્લેકલીસ્ટ કરવાની માંગ સાથે ભાજપના કોર્પોરેટરોમાં પણ અસંતોષ ફાટી નિકળ્યો છે.

